સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK 47

[NOVEMBER - 2023]
[19/11/23 to 25/11/23]


સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)





JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YOUTUBE
ICE RAJKOT

ICEONLINE APP
iceonline

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે ક્લિક કરો.

# Timeline


**19 NOV-2023**

- દિવસ મહિમા : 19 નવેમ્બર, શ્રીમતી ઈન્દિરા ગાંધી જન્મદિન, વિશ્વ શૌચાલય દિવસ, International Men's Day ..... 02
- ચિકનગુનિયા માટે Ixchiq વેક્સિન ..... 04
- QUESTION ANSWERS ..... 05

**20 NOV-2023**

- દિવસ મહિમા : 20 નવેમ્બર, વિશ્વ બાળ દિવસ અથવા તો 'વિશ્વ બાળ અધિકાર દિવસ' ..... 06
- ICC મેન્સ ક્રિકેટ વર્લ્ડ કપ 2023માં ઓસ્ટ્રેલિયાનો વિજય ..... 06
- QUESTION ANSWERS ..... 12

**21 NOV-2023**

- દિવસ મહિમા : 21 નવેમ્બર, વિશ્વ ટીવી દિવસ (World Television Day), વિશ્વ મત્સ્યપાલન દિવસ (World Fisheris Day) ..... 14
- 10મી ASEAN સંરક્ષણ મંત્રીઓની બેઠક-પ્લસ (ADMM-Plus) ..... 14
- ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વડનગર ખાતે તાના રીરી ઉત્સવનું ઉદ્ઘાટન કર્યુ ..... 16
- શ્રી વિરાટ કોહલીની વન-ડે ક્રિકેટમાં ૫૦ સદી ..... 17
- લદ્દાખ સી બકથ્રોન અને કેરળ ઓનટ્ટુકારા તલ ..... 17
- QUESTION ANSWERS ..... 19

**22 NOV-2023**

- આર્જેન્ટિનાના રાષ્ટ્રપતિ પદની ચૂંટણીમાં શ્રી જેવિયર મિલીની જીત ..... 20
- ભારત-ઓસ્ટ્રેલિયા 2+2 મંત્રી સ્તરીય સંવાદ ..... 20
- ગ્લોબલ ફિશરીઝ કોન્ફરન્સ ઈન્ડિયા 2023 ..... 21
- ઘોલ માછલીને ગુજરાત રાજ્યની 'સ્ટેટ ફિશ' જાહેર કરવામાં આવી ..... 21
- ઉત્સર્જન ગેપ રિપોર્ટ 2023 ( Emissions Gap Report 2023) ..... 22
- QUESTION ANSWERS ..... 24

**23 NOV-2023**

- ગિરનારની લીલી પરિક્રમા ..... 25
- વિશ્વ વિખ્યાત 'પુષ્કરના મેળા'નો રાજસ્થાનમાં પ્રારંભ ..... 25
- વજ્ર પ્રહાર 2023 : ભારત - અમેરિકા ..... 26
- QUESTION ANSWERS ..... 27

**24 NOV-2023**

- સુપ્રીમ કોર્ટના પ્રથમ મહિલા ન્યાયાધીશ જસ્ટિસ એમ. ફાતિમા બીવીનું નિધન ..... 28
- એમી એવોર્ડ 2023 ..... 29
- સ્પેશિયલ પ્રોટેક્શન ગ્રુપ (SPG)ના નવા ડિરેક્ટર તરીકે શ્રી આલોક શર્માની નિમણૂક કરવામાં આવી ..... 30
- QUESTION ANSWERS ..... 31

**25 NOV-2023**

- દિવસ મહિમા : 25 નવેમ્બર, આંતરરાષ્ટ્રીય મહિલા હિંસા નિવારણ દિવસ ..... 32
- બિલિયર્ડ્સમાં શ્રી પંકજ અડવાણીએ 26મું વર્લ્ડ ટાઈટલ જીત્યું ..... 32
- મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યવ્યાપી 'રવિ કૃષિ મહોત્સવ-2023'નું ઉદ્ઘાટન કર્યુ ..... 32
- કમ્બલા ફેસ્ટિવલ : ભેંસોની દોડ ..... 33
- મિત્ર શક્તિ 2023 કવાયત : ભારત - શ્રીલંકા ..... 33
- QUESTION ANSWERS ..... 35

**ONE LINER** ..... 36

**QUESTION OF THIS WEEK** ..... 40


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 19 નવેમ્બર, (1) શ્રીમતી ઈન્દિરા ગાંધી જન્મદિન
## (2) વિશ્વ શૌચાલય દિવસ (World Toilet Day)
## (3) International Men's Day

### વિશ્વ શૌચાલય દિવસ

સમગ્ર વિશ્વમાં દર વર્ષે 19 નવેમ્બરના રોજ 'વિશ્વ શૌચાલય દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- 'World Toilet Organization' દ્વારા સૌપ્રથમ 2001થી આ દિવસની ઉજવણીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.
- સંયુક્ત રાષ્ટ્ર દ્વારા વર્ષ 2012-13માં તેને માન્યતા આપવામાં આવી છે.
- વિશ્વ શૌચાલય દિવસ 2023ની થીમ 'Accelerating Change' છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### શ્રીમતી ઈન્દિરા ગાંધી જન્મદિન

ભારતમાં દર વર્ષે 19 નવેમ્બરના રોજ લોખંડી મહિલા અને ભારતના એક માત્ર મહિલા વડાપ્રધાન શ્રીમતી ઈન્દિરા ગાંધીની જન્મજયંતી ઉજવાય છે.

- 19 નવેમ્બર, 1917ના રોજ ઉત્તરપ્રદેશના અલાહાબાદ(પ્રયાગરાજ) ખાતે તેમનો જન્મ થયો હતો.
- તેઓ ભારતના પહેલા અને આજ દિન (19 નવેમ્બર, 2021) સુધીના એકમાત્ર મહિલા વડાપ્રધાન હતા.
- તેઓ સૌપ્રથમ 1966માં શ્રી લાલ બહાદુર શાસ્ત્રીના નિધન બાદ ભારતના વડાપ્રધાન બન્યા હતા.
- જુલાઈ 1969માં તેમણે 14 બેંકોનું રાષ્ટ્રીયકરણ કર્યું હતું.
- 1971માં પૂર્વ પાકિસ્તાનથી ભારતમાં આવેલા શરણાર્થીઓની સમસ્યાના ઉકેલ માટે પાકિસ્તાન સાથે યુદ્ધ કર્યું અને સ્વતંત્ર બાંગ્લાદેશનો જન્મ થયો.
- અણુબોમ્બ બનાવવા માટે 1967માં નેશનલ ન્યુક્લિઅર પ્રોગ્રામ શરૂ કર્યો અને 1974માં 'સ્માઈલિંગ બુદ્ધા (હસતાં બુદ્ધ)'ના સાંકેતિક નામથી રાજસ્થાનના રણ વિસ્તારમાં આવેલા પોખરણ ગામ નજીક પ્રથમ વખત સફળ અણુ પરીક્ષણ કર્યું હતું.
- 1971ની ચૂંટણીમાં 'ગરીબી હટાવો'નું સૂત્ર આપ્યું હતું.
- શ્રીમતી ઈન્દિરા ગાંધીની ભલામણથી કલમ 352ની જોગવાઈ અનુસાર તત્કાલીન રાષ્ટ્રપતિ શ્રી ફકરુદ્દીન અલી અહેમદે 26 જૂન, 1975ના રોજ ભારતમાં 'આંતરિક અવ્યવસ્થા'ને લઈને 'કટોકટી'ની સ્થિતિ જાહેર કરી હતી.



- જૂન 1984માં પંજાબના અમૃતસરમાં સુવર્ણ મંદિરમાં છૂપાયેલા અને અલગ ખાલિસ્તાનની માગ કરી રહેલા એક જૂથના સફાયા માટે 'ઓપરેશન બ્લ્યુ સ્ટાર' હાથ ધર્યું અને અમૃતસરના સુવર્ણ મંદિર સંકુલમાં લશ્કરી કાર્યવાહી કરી.
- 31 ઓક્ટોબર, 1984ના રોજ નવી દિલ્હી ખાતે તેમના જ અંગરક્ષકો દ્વારા શ્રીમતી ઈન્દિરા ગાંધીની હત્યા કરવામાં આવી.
- દિલ્હીમાં રાજઘાટ પાસે આવેલું શ્રીમતી ઈન્દિરા ગાંધીનું સમાધિ સ્થળ 'શક્તિ સ્થળ' તરીકે ઓળખાય છે.
- શ્રીમતી ઈન્દિરા ગાંધીનું ઉપનામ 'પ્રિયદર્શિની' હતું.

## દિલ્હી ખાતે આવેલા વિવિધ મહાનુભાવોના સમાધિ સ્થળો

| ક્રમ | નામ | સ્મારક | મિનિંગ |
|---|---|---|---|
| 1 | શ્રી મહાત્મા ગાંધીજી | રાજઘાટ | રોયલ સ્ટેપ્સ |
| 2 | શ્રી જવાહરલાલ નહેરુ | શાંતિવન | ગાર્ડન ઓફ પીસ |
| 3 | શ્રી લાલ બહાદુર શાસ્ત્રી | વિજય ઘાટ | વિક્ટ્રી પ્લેટફોર્મ |
| 4 | શ્રીમતી ઈન્દિરા ગાંધી | શક્તિ ઘાટ | પ્લેસ ઓફ પાવર |
| 5 | શ્રી જગજીવન રામ | સમતા સ્થળ | પ્લેસ ઓફ ઈક્વાલિટી |
| 6 | શ્રી ચૌધરી ચરણસિંહ | કિસાન ઘાટ | ફાર્મર્સ પ્લેટફોર્મ |
| 7 | શ્રી રાજીવ ગાંધી | વીર ભૂમિ | લેન્ડ ઓફ બ્રેવ |
| 8 | શ્રી જ્ઞાની ઝૈલસિંહ | એકતા સ્થળ | પ્લેસ ઓફ યુનિટી |
| 9 | શ્રી શંકર દયાલ શર્મા | કર્મ ભૂમિ | લેન્ડ ઓફ ડ્યુટી |
| 10 | શ્રી આઈ. કે. ગુજરાલ | સ્મૃતિ સ્થળ | પ્લેસ ઓફ રીમેમ્બરન્સ |
| 11 | શ્રી ચન્દ્રકાન્ત શેખર | જનનાયક સ્થળ | પ્લેસ ઓફ પિપલ્સ લીડર |
| 12 | શ્રી દેવીલાલ | સંઘર્ષ સ્થળ | પ્લેસ ઓફ સ્ટ્રગલ |
| 13 | શ્રી કિશનકાંત | નિગમબોધ ઘાટ | – |
| 14 | શ્રી પી. વી. નરસિંહ રાવ | પી. વી. ઘાટ | – |
| 15 | શ્રી અટલ બિહારી વાજપેઈ | સદૈવ અટલ | – |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિલ્હી સિવાય ભારતના અન્ય સ્થળોએ આવેલા વિવિધ મહાનુભાવોના સમાધિ સ્થળો

| ક્રમ | નામ | સ્મારક | સ્થળ |
|---|---|---|---|
| 1 | ડો. બાબા સાહેબ આંબેડકર | ચૈત્ય ભૂમિ | દાદર, ચોપાટી, મુંબઈ |
| 2 | શ્રી મોરારજી દેસાઈ | અભય ઘાટ | અમદાવાદ |
| 3 | શ્રી ગુલઝારીલાલ નંદા | નારાયણ ઘાટ | અમદાવાદ |

**નોંધ :** (1) બ્લ્યુ માર્બલ પ્લેટ ફોર્મ અને કાળા આરસપહાણનો ચબૂતરો એ શ્રી મહાત્મા ગાંધીજીના સમાધિ સ્થળ રાજઘાટની વિશેષતા છે.

(2) જ્યારે એક મોટું કમળનું ફૂલ અને તેની ફરતે શ્રી રાજીવ ગાંધીનો જીવનકાળ દર્શાવતા નાના 46 કમળના ફૂલ તથા તેની ફરતે ભારતના દરેક રાજ્યમાંથી આવેલી શિલાઓ એ શ્રી રાજીવ ગાંધીના સમાધિ સ્થળ વીર ભૂમિની વિશેષતા છે.

(3) અને એક વિશાળ લાલ–ગ્રે શિલા એ શ્રીમતી ઈન્દિરા ગાંધીના સમાધિ સ્થળ શક્તિ સ્થળની વિશેષતા છે.

## ચિકનગુનિયા માટે Ixchiq વેક્સિન

તાજેતરમાં યુનાઈટેડ સ્ટેટ્સમાં ફૂડ એન્ડ એડમિનિસ્ટ્રેશન (FDA)એ ચિકનગુનિયા માટે વિશ્વની પ્રારંભિક રસીને મંજૂરી આપી છે.

- જે મચ્છરજન્ય વાયરસ દ્વારા ઉભરતા વૈશ્વિક આરોગ્યના જોખમને સંબોધિત કરવા માટે એક મહત્ત્વપૂર્ણ સીમાચિન્હરૂપ છે.
- Ixchiq નામની આ રસી યુરોપિયન ફાર્માસ્યુટિકલ કંપની વાલ્નેવા દ્વારા વિકસાવવામાં આવી છે.
- તે સ્નાયુમાં ઈન્જેક્શન દ્વારા સિંગલ ડોઝ તરીકે આપવામાં આવે છે.
- તેમાં ચિકનગુનિયા વાયરસનું જીવંત, નબળું સંસ્કરણ છે, જે સંભવિત રીતે વેક્સિન મેળવનારાઓમાં રોગના સમાન લક્ષણનું કારણ બને છે.
- જે વ્યક્તિઓને વાયરસથી સંક્રમિત થવાનું જોખમ વધારે છે અને જેમની ઉંમર 18 વર્ષ કે તેથી વધુ છે તેઓ આ વેક્સિન મેળવી શકે છે.

## ચિકનગુનિયા વિશે

ચિકનગુનિયા એ મચ્છરજન્ય વાયરલ રોગ છે.

- તે મુખ્યત્વે ચેપગ્રસ્ત મચ્છરો ખાસ કરીને એડીસ એજીપ્ટી અને એડીસ આલ્બોપિક્ટિસના કરડવાથી મનુષ્યમાં ફેલાય છે.
- આ વાયરસની ઓળખ સૌપ્રથમ વર્ષ 1952માં દક્ષિણ તાંઝાનિયામાં તેના સંક્રમણ દરમિયાન થઈ હતી.
- તે રિબોન્યુક્લિક એસિડ (RNA) વાયરસ છે. જે ટોગાવિરિડે પરિવારના આલ્ફા વાયરસ જીનસનો છે.
- ચિકનગુનિયા ચેપમાં તાવ અને સાંધામાં તીવ્ર દુખાવો જેવા લક્ષણો જોવા મળે છે.

Weekly Current Affairs ICE MAGIC / WEEK - 47

## SUNDAY Questions

**1.** ભારતના પ્રથમ મહિલા વડાપ્રધાન શ્રીમતી ઈન્દિરા ગાંધીનો જન્મદિન ક્યારે ઉજવાય છે ?

(A) 17 નવેમ્બર (B) 18 નવેમ્બર (C) 19 નવેમ્બર (D) 20 નવેમ્બર — **(C)**

**2.** શ્રીમતી ઈન્દિરા ગાંધીનું સમાધી સ્થળ કયા નામે ઓળખાય છે ?

(A) શક્તિઘાટ (B) વિજયઘાટ (C) રાજઘાટ (D) સ્મૃતિસ્થળ — **(A)**

**3.** 'ઈન્ટરનેશનલ મેન્સ ડે' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 17 નવેમ્બર (B) 18 નવેમ્બર (C) 19 નવેમ્બર (D) 20 નવેમ્બર — **(C)**

**4.** 'વિશ્વ શૌચાલય દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 17 નવેમ્બર (B) 18 નવેમ્બર (C) 19 નવેમ્બર (D) 20 નવેમ્બર — **(C)**

**5.** તાજેતરમાં સમાચારમાં રહેલ 'Ixchiq' શું છે ?

(A) SpaceXના સેટેલાઈટનો એક સમૂહ

(B) પશ્ચિમ આફ્રિકા અને એટલાન્ટિકામાં ચીનનું રાજદ્વારી મિશન

(C) તાંઝાનિયામાં શોધાયેલ એક ગરોળીની પ્રજાતિનું નામ

(D) ચિકનગુનિયા માટેની વેક્સિન — **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 20 નવેમ્બર, વિશ્વ બાળ દિવસ અથવા તો 'વિશ્વ બાળ અધિકાર દિવસ'

બાળકોમાં એકતાની લાગણીને પ્રોત્સાહન આપવા માટે 20 નવેમ્બરના રોજ 'વિશ્વ બાળ દિવસ' તરીકે ઉજવણી કરવામાં આવે છે.




- આ દિવસ બાળકોના કલ્યાણ વિશે જાગૃતિ લાવે છે.
- તે બાળ અધિકારોના મહત્વ પર ભાર મૂકે છે અને તેમના માટે વધુ સારું ભવિષ્ય બનાવવાનો પ્રયત્ન કરે છે.
- તે બાળ અધિકારો, શોષણ, ભેદભાવ અને બાળ સંરક્ષણની આસપાસ સંવાદની હિમાયત કરે છે.

**નોંધ :** ભારતના પ્રથમ વડાપ્રધાન શ્રી જવાહરલાલ નહેરુનો જન્મદિન 14 નવેમ્બર ભારતમાં 'બાળ દિન' તરીકે ઉજવાય છે. જ્યારે 'વિશ્વ બાળ દિવસ' 20 નવેમ્બરના રોજ ઉજવાય છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICC મેન્સ ક્રિકેટ વર્લ્ડ કપ 2023માં ઓસ્ટ્રેલિયાનો વિજય

તાજેતરમાં 5 ઓક્ટોબર થી 19 નવેમ્બર, 2023 દરમિયાન 'ICC મેન્સ ક્રિકેટ વર્લ્ડ કપ 2023 (ODI)'નું આયોજન ભારતમાં કરવામાં આવ્યું હતું.



- વર્ષ 2023માં રમાયેલો આ ક્રિકેટ વર્લ્ડ કપ 13મો ક્રિકેટ વર્લ્ડ કપ હતો.
- આ ક્રિકેટ વર્લ્ડ કપમાં કુલ 10 ટીમોએ ભાગ લીધો હતો.
- જેમાં ભારતને પરાજય આપીને ઓસ્ટ્રેલિયાએ આ વર્લ્ડ કપ જીતી લીધો છે.
- ઓસ્ટ્રેલિયાએ છઠ્ઠી વખત મેન્સ ક્રિકેટ ODI વર્લ્ડ કપ જીત્યો છે.
- આ વર્લ્ડ કપમાં ભારત, દક્ષિણ આફ્રિકા, ઓસ્ટ્રેલિયા, ન્યૂઝિલેન્ડ, પાકિસ્તાન, અફઘાનિસ્તાન, ઈંગ્લેન્ડ, બાંગ્લાદેશ, શ્રીલંકા અને નેધરલેન્ડની ટીમે ભાગ લીધો હતો.

### સેમિફાઈનલ મેચ

આ વર્લ્ડ કપની પ્રથમ સેમિફાઈનલ મેચ ભારત અને ન્યૂઝિલેન્ડ વચ્ચે મુંબઈના વાનખેડે સ્ટેડિયમ ખાતે યોજાઈ હતી.

- જેમાં ભારતે ન્યૂઝીલેન્ડને પરાજય આપ્યો હતો.
- જ્યારે વર્લ્ડ કપની બીજી સેમીફાઈનલ મેચ ઓસ્ટ્રેલિયા અને દક્ષિણ આફ્રિકા વચ્ચે કોલકાત્તાના ઈડન ગાર્ડન્સ ખાતે યોજાઈ હતી.
- જેમાં ઓસ્ટ્રેલિયાએ દક્ષિણ આફ્રિકાને પરાજય આપ્યો હતો.

## પોઈન્ટ ટેબલના આધારે સેમિફાઈનલમાં પહોંચનાર પ્રથમ ચાર ટીમ

| ક્રમ | ટીમ | પોઈન્ટ |
|---|---|---|
| 1 | ભારત | 18 |
| 2 | દક્ષિણ આફ્રિકા | 14 |
| 3 | ઓસ્ટ્રેલિયા | 14 |
| 4 | ન્યૂઝીલેન્ડ | 10 |

## ફાઈનલ મેચ

ICC મેન્સ ક્રિકેટ વર્લ્ડ કપ 2023ની ફાઈનલ મેચ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે યોજાઈ હતી.

- જેમાં ભારતે 50 ઓવરમાં 240 રન ફટકાર્યા હતા.
- જે ઓસ્ટ્રેલિયાએ 43 ઓવરમાં 241 રન ફટકારી આ વર્લ્ડ કપ જીતી લીધો હતો.
- આ સાથે ઓસ્ટ્રેલિયા છઠ્ઠી વખત વર્લ્ડ ચેમ્પિયન બન્યું છે.
- ફાઈનલ મેચમાં 137 રન ફટકારનાર શ્રી ટ્રેવિસ હેડ મેન ઓફ ધ મેચ જાહેર થયા હતા.

## વર્લ્ડ કપમાં સૌથી વધુ રન

ICC મેન્સ ક્રિકેટ વર્લ્ડ કપ 2023માં સૌથી વધુ રન ભારતના ક્રિકેટર શ્રી વિરાટ કોહલીએ ફટકાર્યા હતા.

- શ્રી વિરાટ કોહલીએ આ વર્લ્ડ કપમાં રેકોર્ડબ્રેક 765 રન ફટકાર્યા હતા. જેમાં 3 સદી અને 6 ફિફ્ટીનો સમાવેશ થાય છે.
- જ્યારે બીજા નંબરે શ્રી રોહિત શર્મા (597 રન) અને ત્રીજા નંબરે દક્ષિણ આફ્રિકાના શ્રી ક્વિન્ટન ડી કોક (594)નો સમાવેશ થાય છે.

## વર્લ્ડ કપમાં સૌથી વધુ વિકેટ

ICC મેન્સ ક્રિકેટ વર્લ્ડ કપ 2023માં સૌથી વધુ વિકેટ ભારતીય બોલર શ્રી મોહમ્મદ શમીએ ઝડપી હતી.

- આ વર્લ્ડ કપમાં શ્રી મોહમ્મદ શમીએ 24 વિકેટ ઝડપી હતી.

## પ્લેયર ઓફ ધ સિરીઝ



આ વર્લ્ડ કપમાં ભારતના સ્ટાર ખેલાડી શ્રી વિરાટ કોહલીને 'પ્લેયર ઓફ ધ સિરીઝ' જાહેર કરવામાં આવ્યા હતા.

- શ્રી વિરાટ કોહલીએ આ વર્લ્ડ કપમાં 765 રન ફટકાર્યા હતા.
- ટુર્નામેન્ટમાં સૌથી વધુ રન (ગોલ્ડન બેટ)નો એવોર્ડ શ્રી વિરાટ કોહલીને મળ્યો હતો.

## ICC ક્રિકેટ વર્લ્ડ કપ 2023માં ઈનામની રકમ

| ક્રમ | વિશેષતા | ઈનામની રકમ |
|---|---|---|
| 1 | વર્લ્ડ કપ વિજેતા ટીમ | 40 લાખ ડોલર |
| 2 | ઉપ વિજેતા ટીમ | 20 લાખ ડોલર |
| 3 | સેમિ ફાઈનલમાં પરાજિત ટીમ | 8-8 લાખ ડોલર |
| 4 | દરેક લીગ મેચમાં વિજેતા ટીમ | 40,000 ડોલર |
| 5 | લીગ સ્ટેજથી આગળ જનાર ટીમ | 1-1 લાખ ડોલર |

ICE INSTITUTE FOR COMPETITIVE EXA

## ક્રિકેટ વર્લ્ડ કપ 2023ની વિશેષતા

વર્ષ 2023માં 13માં ક્રિકેટ વર્લ્ડ કપનું આયોજન ભારતમાં થયું હતું.

- આ વર્લ્ડ કપમાં કુલ 10 રાષ્ટ્રીય ટીમોએ ભાગ લીધો હતો.
- વેસ્ટ ઈન્ડિઝ અને ઝિમ્બાબ્વે જેવી ટીમ વર્લ્ડ કપ 2023 માટે ક્વોલિફાય થઈ ન હતી.
- આ વર્લ્ડ કપમાં Round-Robin અને Knockout પદ્ધતિથી ટુર્નામેન્ટ યોજાઈ હતી.
- આ વર્લ્ડ કપની પ્રથમ મેચ ઈંગ્લેન્ડ અને ન્યૂઝીલેન્ડ વચ્ચે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે યોજાઈ હતી.
- આ વર્લ્ડ કપમાં ચેમ્પિયન ટીમ ઓસ્ટ્રેલિયાના કેપ્ટન શ્રી પેટ કમિન્સ હતા.
- જ્યારે ભારતીય ટીમના કેપ્ટન શ્રી રોહિત શર્મા હતા.

- આ વર્લ્ડ કપમાં સૌથી વધુ સદી ક્વિન્ટન ડી કોકએ ફટકારી હતી. તેમણે કુલ ચાર સદી નોંધાવી હતી.
- આ વર્લ્ડ કપમાં વ્યક્તિગત સર્વોચ્ચ સ્કોર ઓસ્ટ્રેલિયાના ખેલાડી શ્રી ગ્લેન મેક્સવેલનો હતો તેમણે 128 બોલમાં 201 રન ફટકાર્યા હતા.
- આ સાથે રન ચેઝમાં બેવડી સદી ફટકારનાર મેક્સવેલ પ્રથમ બેટ્સમેન બન્યો હતો.
- આ વર્લ્ડ કપમાં સૌથી વધુ અર્ધશતક શ્રી વિરાટ કોહલીના નામે છે તેમણે છ અર્ધશતક (50 રન) નોંધાવી હતી.
- વર્લ્ડ કપ 2023માં શ્રેષ્ઠ બોલિંગ ફિગર મોહમ્મદ શમીના નામે છે તેમણે ન્યૂઝિલેન્ડ સામે સેમિફાઈનલ મેચમાં 57 રન આપીને 7 વિકેટ ઝડપી હતી.
- વર્લ્ડ કપ 2023માં સૌથી વધુ છગ્ગા શ્રી રોહિત શર્માએ ફટકાર્યા હતા. તેમણે આ વર્લ્ડ કપમાં કુલ 31 છગ્ગા ફટકાર્યા હતા.
- આ વર્લ્ડ કપમાં સૌથી વધુ કેચ ન્યૂઝીલેન્ડના ડેરીલ મિશેલ (11 કેચ) ઝડપ્યા હતા.
- નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ફાઈનલ મેચમાં 1,25,000 થી વધુ પ્રેક્ષકો હાજર હતા.
- ફાઈનલ મેચમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને ઓસ્ટ્રેલિયાના નાયબ વડા પ્રધાન એન્થોની અલ્બેનીઝ ઉપસ્થિત હતા.
- ફાઈનલ મેચમાં ભારતીય વાયુસેનાની સૂર્યકિરણ એરોબિક ટીમે એર શો કર્યો હતો. આ સાથે અમદાવાદનું આકાશ સૂર્ય કિરણ પ્લેનના અવાજથી ગુંજી ઉઠ્યું હતું.
- ICC વર્લ્ડ કપ 2023ના ગ્લોબલ એમ્બેસેડર શ્રી સચિન તેંડુલકર હતા.
- ઓસ્ટ્રેલિયાએ 1987, 1999, 2003, 2007, 2015 અને 2023 એમ કુલ 6 વખત ODI (વન–ડે) વર્લ્ડ કપ જીત્યો છે.
- શ્રી વિરાટ કોહલીએ આ વર્લ્ડ કપમાં 765 રન ફટકાર્યા હતા. જે વર્લ્ડ કપ ટુર્નામેન્ટના ઈતિહાસમાં સૌથી ઊંચો સ્કોર છે.
- શ્રી રોહિત શર્માએ અફઘાનિસ્તાન સામે સદી ફટકારીને વર્લ્ડ કપમાં સૌથી વધુ સદી ફટકારવાનો રેકોર્ડ બનાવ્યો છે. વર્લ્ડ કપના ઈતિહાસમાં સૌથી વધુ સદી શ્રી રોહિત શર્માએ 7 ત્યારબાદ શ્રી સચિન તેંડુલકરએ 6 સદી નોંધાવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- વર્લ્ડ કપની મેચમાં ભારતની ટીમએ પાકિસ્તાનને પરાજય આપ્યો હતો. નોંધનીય છે કે પાકિસ્તાનની ટીમ ભારતને વર્લ્ડ કપમાં એકપણ વાર હરાવી શકી નથી. વર્લ્ડ કપમાં પાકિસ્તાન સામે ભારતની આઠમી જીત હતી.
- આ વર્લ્ડ કપમાં અફઘાનિસ્તાનની ટીમએ ઈંગ્લેન્ડ, પાકિસ્તાન, શ્રીલંકા અને નેધરલેન્ડ જેવી ટીમોને પરાજય આપ્યો હતો.
- આ વર્લ્ડ કપમાં ભારતે શ્રીલંકા સામેની મેચ દરમિયાન 357 રન ફટકાર્યા હતા. ત્યારબાદ ભારતે શ્રીલંકાને 55 રને ઓલઆઉટ કરી 302 રને વિજય મેળવ્યો હતો.
- આ વર્લ્ડ કપમાં શ્રી એન્જેલો મેથ્યુઝ ટાઈમ આઉટ થનાર પ્રથમ ખેલાડી બન્યો હતો.
- આ વર્લ્ડ કપની મેચ દરમિયાન ભારતે વન–ડે ક્રિકેટમાં સાતમી વખત 400 પ્લસનો સ્કોર કર્યો હતો.
- શ્રી મોહમ્મદ શમીએ વર્લ્ડ કપ ઈતિહાસમાં કુલ 55 વિકેટ ઝડપનાર ભારતીય બોલર છે.

## ક્રિકેટ વર્લ્ડ કપ

ક્રિકેટ વર્લ્ડ કપનો પ્રારંભ વર્ષ 1975થી થયો છે.

- આ અંતર્ગત પ્રથમ વર્લ્ડ કપ જૂન 1975માં ઈંગ્લેન્ડમાં યોજાયો હતો.
- જેમાં ઓસ્ટ્રેલિયાને પરાજય આપીને વેસ્ટ ઈન્ડિઝે આ વર્લ્ડ કપ જીતી લીધો હતો.
- 1999થી આ વર્લ્ડ કપ દર ચાર વર્ષે યોજાય છે.
- આ વર્લ્ડ કપમાં સૌથી વધુ છ વખત વિજેતા ટીમ ઓસ્ટ્રેલિયા છે.
- ઓસ્ટ્રેલિયા બાદ બીજા ક્રમે ભારત અને વેસ્ટ ઈન્ડિઝે આ વર્લ્ડ કપ 2-2 વખત જીત્યો છે.
- જ્યારે પાકિસ્તાન, શ્રીલંકા અને ઈંગ્લેન્ડે આ વર્લ્ડ કપ 1-1 વખત જીત્યો છે.

### સૌથી વધુ વર્લ્ડ કપ વિજેતા ટીમ

| ક્રમ | ટીમ | કેટલી વખત વિજેતા ? |
|---|---|---|
| 1 | ઓસ્ટ્રેલિયા | 6 |
| 2 | ભારત, વેસ્ટ ઈન્ડિઝ | 2 |
| 3 | પાકિસ્તાન, શ્રીલંકા, ઈંગ્લેન્ડ | 1 |

**નોંધ :** ભારતે સૌપ્રથમ વખત 1983માં રમાયેલો ત્રીજો વર્લ્ડ કપ અને ત્યારબાદ 2011માં રમાયેલો 10મો ક્રિકેટ વર્લ્ડ કપ જીત્યો હતો.

## ક્રિકેટ વર્લ્ડ કપનું આયોજન અને વિજેતા

| ક્રમ | વર્ષ | યજમાન દેશ | વિજેતા | રનર્સ અપ |
|---|---|---|---|---|
| 1 | 1975 | ઈંગ્લેન્ડ | વેસ્ટ ઈન્ડિઝ | ઓસ્ટ્રેલિયા |
| 3 | 1983 | ઈંગ્લેન્ડ, વેલ્સ | ભારત | વેસ્ટ ઈન્ડિઝ |
| 10 | 2011 | ભારત, શ્રીલંકા, બાંગ્લાદેશ | ભારત | શ્રીલંકા |
| 11 | 2015 | ઓસ્ટ્રેલિયા, ન્યૂઝિલેન્ડ | ઓસ્ટ્રેલિયા | ન્યૂઝિલેન્ડ |
| 12 | 2019 | ઈંગ્લેન્ડ, વેલ્સ | ઈંગ્લેન્ડ | ન્યૂઝિલેન્ડ |
| 13 | 2023 | ભારત | ઓસ્ટ્રેલિયા | ભારત |
| 14 | 2027 | દક્ષિણ આફ્રિકા, નામીબિયા, ઝિમ્બાબ્વે | – | – |

નોંધ : (1) હવે પછી 2027નો ક્રિકેટ વર્લ્ડ કપ દક્ષિણ આફ્રિકા, નામીબિયા અને ઝિમ્બાબ્વેમાં યોજાશે.

(2) વર્ષ 2023માં યોજાયેલ આ વર્લ્ડ કપ ફક્ત ભારતમાં જ યોજાયેલ આ પ્રથમ વર્લ્ડ કપ હતો.

(3) આ અગાઉ સંયુક્ત રીતે 1987માં ભારત અને પાકિસ્તાનમાં, 1996માં ભારત–પાકિસ્તાન–શ્રીલંકામાં તથા 2011માં ભારત, શ્રીલંકા અને બાંગ્લાદેશમાં વર્લ્ડ કપનું આયોજન થયું હતું.

(4) ક્રિકેટ વર્લ્ડ કપમાં સૌથી વધુ 2,278 રન બનાવવાનો રેકોર્ડ શ્રી સચિન તેંડુલકરના નામે છે.

(5) જ્યારે ક્રિકેટ વર્લ્ડ કપમાં સૌથી વધુ 71 વિકેટ ઝડપવાનો રેકોર્ડ ઓસ્ટ્રેલિયાના શ્રી ગ્લેન મેકગ્રાથના નામે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ICC

આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રિકેટનું સંચાલન 'International Cricket Council' (ICC) દ્વારા કરવામાં આવે છે.

- ICCની સ્થાપના 15 જૂન, 1909ના રોજ થઈ હતી.
- ઓસ્ટ્રેલિયા, ઈંગ્લેન્ડ અને દક્ષિણ આફ્રિકાના પ્રતિનિધિઓ દ્વારા વર્ષ 1909માં ઈમ્પીરીયલ ક્રિકેટ કોન્ફરન્સ તરીકે તેની સ્થાપના કરવામાં આવી હતી.
- ત્યારબાદ વર્ષ 1965માં તેનું નામ બદલીને ઈન્ટરનેશનલ ક્રિકેટ કોન્ફરન્સ રાખવામાં આવ્યું. તથા વર્ષ 1987માં તેનું વર્તમાન નામ 'ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ' રાખવામાં આવ્યું હતું.
- તેનું વડું મથક યુનાઈટેડ આરબ અમીરાત (UAE)ના દુબઈ ખાતે આવેલું છે.
- તેનું ધ્યેય વાક્ય 'Cricket For Good' છે.
- ICCના ફૂલ ટાઈમ સભ્યોમાં કુલ 12 દેશોનો સમાવેશ થાય છે.
- આ ઉપરાંત ICC પાસે હાલમાં 108 સભ્ય દેશો છે.

1. 'વિશ્વ બાળ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 18 નવેમ્બર (B) 19 નવેમ્બર (C) 20 નવેમ્બર (D) 21 નવેમ્બર **(C)**

2. ભારતમાં 'બાળ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 12 નવેમ્બર (B) 14 નવેમ્બર (C) 18 નવેમ્બર (D) 19 નવેમ્બર **(B)**

3. ICC મેન્સ ક્રિકેટ વર્લ્ડ કપ 2023નું આયોજન કયાં થયું હતું ?

(A) ભારત (B) ઈંગ્લેન્ડ (C) ઓસ્ટ્રેલિયા (D) શ્રીલંકા **(A)**

4. ICC મેન્સ ક્રિકેટ વર્લ્ડ કપ 2023માં કઈ ટીમ વિજેતા બની છે ?

(A) ભારત (B) ન્યૂઝિલેન્ડ (C) ઓસ્ટ્રેલિયા (D) દ.આફ્રિકા **(C)**

5. ICC મેન્સ ક્રિકેટ વર્લ્ડ કપ 2023માં કુલ કેટલી ટીમોએ ભાગ લીધો હતો ?

(A) 8 (B) 10 (C) 12 (D) 14 **(B)**

6. ICC મેન્સ ક્રિકેટ વર્લ્ડ કપ 2023ની ફાઈનલ મેચ કયા સ્ટેડિયમ પર રમાઈ હતી ?

(A) નરેન્દ્ર મોદી સ્ટેડિયમ, અમદાવાદ (B) વાનખેડે સ્ટેડિયમ, મુંબઈ

(C) અરૂણ જેટલી સ્ટેડિયમ, દિલ્હી (D) ઈડન ગાર્ડન્સ, કોલકાત્તા **(A)**

7. ICC મેન્સ ક્રિકેટ વર્લ્ડ કપ 2023ની ફાઈનલ મેચમાં 'મેન ઓફ ધ મેચ' કોણ જાહેર થયું હતું ?

(A) શ્રી ડેવિડ વોર્નર (B) શ્રી સ્ટીવ સ્મીથ (C) શ્રી રોહિત શર્મા (D) શ્રી ટ્રેવિસ હેડ **(D)**

8. ICC મેન્સ ક્રિકેટ વર્લ્ડ કપ 2023માં સૌથી વધુ રન કયા ખેલાડીએ ફટકાર્યા હતા ?

(A) શ્રી રોહિત શર્મા (B) શ્રી વિરાટ કોહલી

(C) શ્રી ક્વિન્ટન ડી કોક (D) શ્રી ડેવિડ વોર્નર **(B)**

9. ICC મેન્સ ક્રિકેટ વર્લ્ડ કપ 2023માં સૌથી વધુ વિકેટ કયા ખેલાડીએ ઝડપી હતી ?

(A) શ્રી મોહમ્મદ શમી (B) શ્રી એડમ ઝામ્પા

(C) શ્રી દિલશાન મદુશંકા (D) શ્રી જસપ્રીત બુમરાહ **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**10. ICC મેન્સ ક્રિકેટ વર્લ્ડ કપ 2023માં કયા ક્રિકેટરે બેવડી સદી ફટકારી હતી ?**

(A) શ્રી રોહિત શર્મા (B) શ્રી ગ્લેન મેક્સવેલ (C) શ્રી ટ્રેવિસ હેડ (D) શ્રી ડી. કોક — **(B)**

**11. ICC મેન્સ ક્રિકેટ વર્લ્ડ કપ 2023માં સૌથી વધુ છગ્ગા કયા ખેલાડીએ ફટકાર્યા હતા ?**

(A) શ્રી રોહિત શર્મા (B) શ્રી ડી. કોક (C) શ્રી ગ્લેન મેક્સવેલ (D) શ્રી ડેવીડ વોર્નર — **(A)**

**12. ICC મેન્સ ક્રિકેટ વર્લ્ડ કપ 2023ના ગ્લોબલ એમ્બેસેડર કોણ હતું ?**

(A) શ્રી સચિન તેંડુલકર (B) શ્રી અનિલ કુંબલે

(C) શ્રી કપિલ દેવ (D) શ્રી એમ. એસ. ધોની — **(A)**

**13. ICC મેન્સ ક્રિકેટ વર્લ્ડ કપ (ODI)નો પ્રારંભ કયા વર્ષથી થયો હતો ?**

(A) 1970 (B) 1972 (C) 1975 (D) 1987 — **(C)**

**14. ICC મેન્સ ક્રિકેટ વર્લ્ડ કપ (ODI)માં સૌથી વધુ કઈ ટીમ છ વખત ચેમ્પિયન બની છે ?**

(A) ઈંગ્લેન્ડ (B) ઓસ્ટ્રેલિયા (C) વેસ્ટ ઈન્ડિઝ (D) ભારત — **(B)**

**15. ભારતે કુલ કેટલી વખત મેન્સ ક્રિકેટ વર્લ્ડ કપ (ODI) જીત્યો છે ?**

(A) બે (B) ત્રણ (C) ચાર (D) પાંચ — **(A)**

**16. ICC વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?**

1. તેનું પૂરું નામ 'International Cricket Council' છે.
2. તેની સ્થાપના 15 જૂન, 1909ના રોજ થઈ હતી.
3. તેનું વડું મથક યુનાઈટેડ આરબ અમીરાત (UAE)ના દુબઈ ખાતે આવેલું છે.
4. તેનું ધ્યેય વાક્ય 'Cricket For Good' છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 2 અને 3 (B) ફક્ત 2, 3 અને 4

(C) ફક્ત 1 અને 2 (D) 1, 2, 3 અને 4 — **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 21 નવેમ્બર, (1) વિશ્વ ટીવી દિવસ (World Television Day)
## (2) વિશ્વ મત્સ્યપાલન દિવસ (World Fisheris Day)

### વિશ્વ ટીવી દિવસ




'વિશ્વ ટીવી દિવસ' અથવા 'વિશ્વ ટેલિવિઝન દિવસ'ની ઉજવણી દર વર્ષે 21 નવેમ્બરના રોજ કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણી વૈશ્વિક સ્તરે ટેલિવિઝનના મહત્વને ઉજાગર કરવા માટે કરવામાં આવે છે.
- ટેલિવિઝનની શોધ થઈ ત્યારથી તે મનોરંજનના સૌથી મહત્વપૂર્ણ સ્ત્રોતમાંનુ એક છે.
- મનોરંજનની સાથે સાથે તે લોકોને શિક્ષિત અને માહિતીગાર કરવામાં પણ એટલી જ મહત્વની ભૂમિકા ભજવે છે.
- નવેમ્બર, 1996માં સંયુક્ત રાષ્ટ્ર દ્વારા પ્રથમ વિશ્વ ટેલિવિઝન ફોરમનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં અગ્રણી મીડિયા હસ્તિઓએ હાજરી આપી હતી.
- જ્યાં તેઓએ વિશ્વભરમાં ટેલિવિઝનના વધતા મહત્વ વિશે ચર્ચા કરી હતી.
- ત્યારબાદ સંયુક્ત રાષ્ટ્ર મહાસભા (UNGA)એ 21 નવેમ્બરને ટેલિવિઝન દિવસ તરીકે ઉજવવાનું નક્કી કર્યુ હતું.

**નોંધ:** (1) ટેલિવિઝનની શોધ 1924માં સ્કોટિશ એન્જિનિયર જ્હોન લોગી બાયર્ડ દ્વારા કરવામાં આવી હતી.

(2) ભારતમાં UNESCOની મદદથી 15 સપ્ટેમ્બર, 1959ના રોજ નવી દિલ્હીમાં ટેલિવિઝનની શરૂઆત કરવામાં આવી હતી.

(3) ગુજરાતમાં સૌપ્રથમ ટેલિવિઝનની શરૂઆત 15 ઓગસ્ટ, 1975ના ખેડા જિલ્લાના પીજ કેન્દ્રથી થઈ હતી.

## 10મી ASEAN સંરક્ષણ મંત્રીઓની બેઠક-પ્લસ (ADMM-Plus)

તાજેતરમાં ભારતના સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથ સિંહે ઈન્ડોનેશિયાના જકાર્તામાં 10મી ASEAN સંરક્ષણ મંત્રીઓની બેઠક–પ્લસ (ADMM-Plus)માં ભાગ લીધો હતો.

## બેઠકના મુખ્ય મુદ્દાઓ

ભારતે આસિયાનની કેન્દ્રીય ભૂમિકામાં મહત્ત્વની પુનઃપુષ્ટિ કરી હતી. અને આ ક્ષેત્રમાં સંવાદ અને સર્વસંમતિને પ્રોત્સાહન આપવાના તેના પ્રયાસોની પ્રશંસા કરી હતી.

- ભારતે આંતરરાષ્ટ્રીય કાયદાઓ, ખાસ કરીને યુનાઈટેડ નેશન્સ કન્વેન્શન ઓન ધ લો ઓફ ધ સી (UNCLOS) 1982 અનુસાર આંતરરાષ્ટ્રીય જળસીમામાં નેવિગેશન, ઓવરફ્લાઈટ અને કાયદેસર વાણિજ્યની સ્વતંત્રતા માટે તેની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો.
- ભારતે પરામર્શાત્મક અને વિકાસલક્ષી સુરક્ષા પહેલને ટેકો આપ્યો હતો.
- જે પ્રદેશમાં દરિયાઈ સુરક્ષાને વધારવા માટે ADMM-પ્લસની અંદર વ્યવહારુ, આગળ દેખાતા સહકારના ધ્યેય સાથે હિસ્સેદારો વચ્ચેની સર્વસંમતિને પ્રતિબિંબિત કરે છે.
- ભારતે આસિયાન ક્ષેત્રમાં આંતકવાદના ગંભીર ખતરાને કારણે ADMM-પ્લસ દ્વારા સમર્થિત ચિંતાનો વિષય, કાઉન્ટર–ટેરરિઝમ પર EWGની સહ–અધ્યક્ષતા કરવાનો પ્રસ્તાવ મૂક્યો હતો.
- ભારત વર્તમાન 2021-2024 ચક્રમાં ઈન્ડોનેશિયા સાથે HADR પર EWGની સહ–અધ્યક્ષતા કરી રહ્યું છે.

નોંધ : આસિયાન દેશોમાં ઈન્ડોનેશિયા, મલેશિયા, ફિલિપાઈન્સ, સિંગાપોર, થાઈલેન્ડ, બ્રુનેઈ, વિયેતનામ, લાઓસ, મ્યાનમાર અને કંબોડિયાનો સમાવેશ થાય છે.

## ADMM

ADMMનું પૂરું નામ 'Asean Defence Ministers Meeting' (આસિયાન સંરક્ષણ મંત્રીઓની બેઠક) છે.

- 10મી આસિયાન સમિટમાં 'ASEAN Security Community-Plan of Action' હેઠળ ADMMની રચનાની યોજના બનાવવામાં આવી હતી.
- ADMMની પ્રથમ બેઠક 9 મે, 2006ના રોજ કુઆલાલંપુરમાં મળી હતી.
- આસિયાનના તમામ સભ્યો ADMMના સભ્યો છે.
- તેમનો મુખ્ય ઉદેશ સંરક્ષણ ક્ષેત્રમાં સંવાદ અને સહકાર દ્વારા આસિયાન દેશોમાં પ્રાદેશિક શાંતિ અને સ્થિરતાને પ્રોત્સાહન આપવાનું છે.

## ADMM Plus

વર્ષ 2007માં સિંગાપોરમાં મળેલી ADMMની બીજી બેઠકમાં ADMM Plus ની રચના અંગે ચર્ચા કરવામાં આવી હતી.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- ADMM પ્લસમાં આસિયાન સભ્યો દેશો ઉપરાંત આઠ સંવાદ ભાગીદાર (Dialogue Partners) દેશોનો સમાવેશ કરાયો છે.
- ADMM પ્લસની પ્રથમ બેઠક વર્ષ 2010માં હનોઈ (વિયેતનામ) માં મળી હતી.
- આ નવા મેકેનિઝમ અંતર્ગત સંરક્ષણના ક્ષેત્રમાં સહકારના પાંચ ક્ષેત્રો એટલે કે સમુદ્રી સુરક્ષા, આતંકવાદ વિરોધી, માનવતાવાદી સહાયતા અને આપત્તિ રાહત, શાંતિ સંરક્ષણ અને લશ્કરી ક્ષેત્રો પર સહમતી થઈ હતી.
- આ ક્ષેત્રોમાં સહયોગ માટે એક અલગ એક્સપર્ટ વર્કિંગ ગ્રુપ (EWG)ની સ્થાપના કરવામાં આવી હતી.
- હાલમાં ADMM પ્લસમાં આસિયાન સભ્યો દેશો ઉપરાંત ઓસ્ટ્રેલિયા, ચીન, ભારત, જાપાન, ન્યુઝીલેન્ડ, દક્ષિણ કોરિયા, રશિયા અને અમેરિકાનો સમાવેશ થાય છે.
- તેનો મુખ્ય ઉદ્દેશ વધુ સંવાદ અને પારદર્શિતા દ્વારા સંરક્ષણ મથકો વચ્ચે પરસ્પર વિશ્વાસ અને સહકારને પ્રોત્સાહન આપવાનો છે.

## ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વડનગર ખાતે તાના રીરી ઉત્સવનું ઉદ્‌ઘાટન કર્યુ

ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વડનગર ખાતે તાના–રીરી ઉત્સવનું ઉદ્‌ઘાટન કર્યુ હતું.



- મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે વડનગરે હજારો વર્ષના વધુ સમયથી ભારતીય વારસાનો સમૃદ્ધ ઈતિહાસ સાચવ્યો છે.
- અને જણાવ્યું કે આ ભૂમિ એવી છે કે તે સમર્પણ અને સેવાના સારને પોષે છે જે પ્રાચીન સમયથી અહીં વિકસિત છે.
- મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે તાના–રીરી એવોર્ડથી સન્માનિત ત્રણ મહિલા ગાયકોને અભિનંદન પાઠવ્યા હતા.

### તાના-રીરી એવોર્ડ

ગુજરાતના સુવર્ણ જયંતિ વર્ષ 2010 દરમિયાન તાના–રીરીની યાદમાં મહિલા શાસ્ત્રીય ગાયકો–સંગીતકારોને સન્માનિત કરવા માટે તાના–રીરી એવોર્ડની શરૂઆત કરવામાં આવી હતી.

- આ પરંપરાને ચાલુ રાખીને વર્ષ 2022નો સુશ્રી કંકણા બેનર્જી અને ડો. મોનિકા શાહને તથા વર્ષ 2023 માટે સુશ્રી આરતી અંકલિકરને તાના–રીરી સન્માન એવોર્ડ અર્પણ થયા છે.
- આ અંતર્ગત તામ્રપત્ર તથા શાલ ઓઢાડીને તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.

## તાના-રીરી મહોત્સવ

ગુજરાતમાં વડનગર ખાતે દર વર્ષે કારતક સુદ-9 અને કારતક સુદ-10ના રોજ બે દિવસ માટે આ મહોત્સવ ઉજવાય છે.

- આ સંગિત મહોત્સવમાં દેશના પ્રખ્યાત કલાવૃંદો અને પ્રસિદ્ધ કલાકારો પોતાની કૃતિઓ રજૂ કરે છે.
- ગુજરાતના આદ્ય કવિ શ્રી નરસિંહ મહેતાના દોહિત્રી શર્મિષ્ઠાની સુપુત્રીઓ તાના–રીરીની યાદમાં વર્ષ 2003થી આ મહોત્સવ યોજાય છે.
- બાદશાહ અકબરના નવ રત્નો પૈકી એક સંગીત સમ્રાટ તાનસેનને દિપક રાગ ગાવાથી ઉપડેલી દાહને વડનગરના શર્મિષ્ઠા તળાવ કાંઠે આ સંગીત બેલડી તાના–રીરીએ જ મલ્હાર રાગ ગાઈને ઠારી હતી એવું કહેવાય છે.
- બૌદ્ધ વિરાસતના અવશેષો સાચવીને બેઠેલું વડનગર સંગીત, કલા, ગાયન, વાદન અને નૃત્યકલાના પ્રચાર–પ્રસાર માટે સુવિખ્યાત છે.

## શ્રી વિરાટ કોહલીની વન-ડે ક્રિકેટમાં 50 સદી



વન–ડે વર્લ્ડ કપ 2023ની પ્રથમ સેમિફાઈનલ મેચમાં શ્રી વિરાટ કોહલીએ ન્યૂઝીલેન્ડ સામે સદી ફટકારી હતી.

- આ સાથે શ્રી વિરાટ કોહલીએ ઈતિહાસ રચ્યો હતો. શ્રી વિરાટ કોહલીની આ વન–ડે ક્રિકેટમાં 50મી સદી હતી.
- શ્રી વિરાટ કોહલીએ શ્રી સચિન તેંડુલકરના 49 સદીના રેકોર્ડને તોડ્યો હતો.
- શ્રી વિરાટ કોહલીએ 279મી ઈનિંગ્સમાં આ 50મી વન–ડે સદી ફટકારી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## લદ્દાખ સી બકથ્રોન અને કેરળ ઓનટ્ટુકારા તલ

તાજેતરમાં ભારત સરકારના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય હેઠળ કાર્યરત ભૌગોલિક સંકેતો (GI) રજિસ્ટ્રીએ ઉદ્યોગ અને વાણિજ્ય વિભાગ, લદ્દાખને 'લદ્દાખ સી બકથ્રોન' માટે GI ટેગ આપવામાં આવ્યો છે.

- જ્યારે કેરળમાં GI ટેગ ઓનટ્ટુકારા તલની નોંધાયેલ માલિક ઓનટ્ટુકરા ડેવલપમેન્ટ એજન્સી (OVA) આ અનન્ય તલની જાતની ખેતીને વિસ્તારવા માટે સક્રિયપણે કાર્ય કરી રહી છે.

## સી-બકથ્રોન વિશે

સી બકથ્રોન એ એક ઝાડી છે જે નારંગી–પીળા ખાદ્ય બેરીનું ઉત્પાદન કરે છે.

- તે સ્વાદમાં ખાટા હોય છે પરંતુ વિટામિન-Cથી ભરપૂર હોય છે.
- લદાખ સી બકથ્રોન એ કેન્દ્રશાસિત પ્રદેશ લદાખનો મહત્ત્વનો પાક છે, 90% ઉત્પાદન આ પ્રદેશમાંથી થાય છે.
- તેને 'વન્ડર પ્લાન્ટ', 'લદાખ ગોલ્ડ', 'ગોલ્ડન બુશ' અથવા 'ગોલ્ડ માઈન' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- ભારતમાં તે સામાન્ય રીતે લદાખ અને સ્પીતિના ઠંડા રણ જેવા સૂકા વિસ્તારોમાં હિમાલયના પ્રદેશમાં વૃક્ષની રેખાની ઉપર જોવા મળે છે.

## ઓનટુકારા તલ વિશે

ઓનટુકારા (Ontukara) તલ એ ભારતના કેરળમાં ઉગાડવામાં આવતા તલનો એક પ્રકાર છે.

- ઓનટુકારા ડેવલપમેન્ટ એજન્સી તલના વાવેતર હેઠળનો વિસ્તાર 600 હેક્ટરથી વધારીને 2000 હેક્ટર કરવાની યોજના ધરાવે છે.
- આ તલનું અનન્ય સ્વાસ્થ્ય લાભો માટે પ્રખ્યાત છે.
- આ તલમાં હાજર પ્રમાણમાં ઉચ્ચ એન્ટિઓક્સિડન્ટ સામગ્રી મુક્ત રેડિકલ સામે લડવામાં મદદ કરે છે જે શરીરના કોષોનો નાશ કરે છે. આ ઉપરાંત તે હૃદયના દર્દીઓ માટે ફાયદાકારક છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



| | | | | | |
|---|---|---|---|---|---|
| 1. | 'વિશ્વ ટીવી દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ? | | | | |
| | (A) 20 નવેમ્બર | (B) 21 નવેમ્બર | (C) 22 નવેમ્બર | (D) 23 નવેમ્બર | (B) |
| 2. | 'વિશ્વ મત્સ્યપાલન દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ? | | | | |
| | (A) 20 નવેમ્બર | (B) 21 નવેમ્બર | (C) 22 નવેમ્બર | (D) 23 નવેમ્બર | (B) |
| 3. | તાજેતરમાં ઈન્ડોનેશિયાના જકાર્તામાં કેટલામી 'ASEAN સંરક્ષણ મંત્રીઓની બેઠક–પ્લસ' (ADMM-Plus) યોજાઈ હતી ? | | | | |
| | (A) સાતમી | (B) આઠમી | (C) નવમી | (D) દસમી | (D) |
| 4. | તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વડનગર ખાતે તાના–રીરી મહોત્સવનો પ્રારંભ કરાવ્યો હતો. સામાન્ય રીતે આ તાના–રીરી મહોત્સવ કયા દિવસે યોજાય છે ? | | | | |
| | (A) 7-8 નવેમ્બર | (B) 8-9 નવેમ્બર | (C) કારતક સુદ 8-9 | (D) કારતક સુદ 9-10 | (D) |
| 5. | તાજેતરમાં વર્ષ 2023નો 'તાના–રીરી એવોર્ડ' કોને એનાયત કરવામાં આવ્યો છે ? | | | | |
| | (A) સુશ્રી શ્રુતી ભટ્ટ | (B) સુશ્રી આરતી અંકલિકર | (C) સુશ્રી અનિતા કૃષ્ણમુર્તિ | (D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં | (B) |
| 6. | તાજેતરમાં કયો ક્રિકેટર વન–ડે ક્રિકેટમાં 50 સદી ફટકારનાર વિશ્વનો પ્રથમ બેટ્સમેન બન્યો છે ? | | | | |
| | (A) શ્રી સ્ટીવ સ્મીથ | (B) શ્રી વિરાટ કોહલી | (C) શ્રી રોહિત શર્મા | (D) શ્રી કેન વિલ્યમસન | (B) |
| 7. | તાજેતરમાં સી–બકથ્રોનને GI ટેગ આપવામાં આવ્યો છે. તે કયા રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશ સાથે સંકળાયેલ છે ? | | | | |
| | (A) લદ્દાખ | (B) પુડુચેરી | (C) મેઘાલય | (D) આસામ | (A) |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## આર્જેન્ટિનાના રાષ્ટ્રપતિ પદની ચૂંટણીમાં શ્રી જેવિયર મિલીની જીત



આર્જેન્ટિનામાં યોજાયેલી રાષ્ટ્રપતિ પદની ચૂંટણીમાં શ્રી જેવિયર મિલેએ જીત મેળવી છે.

- આર્જેન્ટિનાના લોકોએ ફુગાવો, સતત વધતી મંદી અને ભીષણ ગરીબીથી પીડિત એવા પોતાના દેશના અર્થતંત્રને સુધારવા માટે શ્રી જેવિયર મિલેની પસંદગી કરી છે.
- સમાચાર એજન્સી રાઈટર્સના અહેવાલ અનુસાર પરિણામોના સત્તાવાર આંકડા મુજબ શ્રી જેવિયર મિલેને લગભગ 56% વોટ મળ્યા હતા. જ્યારે તેમના હરિફ સર્જિયો મસ્સાને 44% કરતા થડા વધુ વોટ મળ્યા હતા.
- ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તેઓને અભિનંદન પાઠવ્યા હતા.
- અને ભારત–આર્જેન્ટિના વ્યૂહાત્મક ભાગીદારીમાં વૈવિધ્યકરણ અને વિસ્તરણ પર ભાર મૂક્યો હતો.
- ભારત આર્જેન્ટિનાનું ચોથુ સૌથી મોટું વેપારી ભાગીદાર છે.
- બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય વેપાર વર્ષ 2022માં અકલ્પનીય 6.4 બિલિયન અમેરિકન ડોલર સુધી પહોંચ્યો છે, જે 2021ની સરખામણીમાં 12%નો વૃદ્ધિ દર નોંધાયો છે.

## ભારત-ઓસ્ટ્રેલિયા 2+2 મંત્રી સ્તરીય સંવાદ

તાજેતરમાં બીજો ભારત–ઓસ્ટ્રેલિયા 2+2 મંત્રી સ્તરીય સંવાદ ભારતમાં નવી દિલ્હી ખાતે યોજાયો હતો.

- જ્યાં બંને દેશોના વિદેશ મંત્રીઓ અને સંરક્ષણ મંત્રીઓએ બેઠકમાં ભાગ લીધો હતો.
- બંને દેશોએ ઈન્ડો–પેસિફિક મેરીટાઈમ ડોમેન અવેરનેસ (MDA)માં માહિતીના આદાન–પ્રદાન અને વ્યૂહાત્મક સંબંધોને મજબૂત કરવા પર ભાર મૂક્યો હતો.
- ક્વાડનું ઈન્ડો–પેસિફિક MDA અમલીકરણના તબક્કામાં છે, જેને ભારત દ્વારા આયોજિત આગામી ક્વાડ સમિટમાં મુખ્ય એજન્ડા તરીકે ગણવામાં આવશે.
- બંને પક્ષોએ સંરક્ષણ ક્ષેત્રે નક્કર સહકાર તરફ પગલું ચિન્હિત કરીને હાઈડ્રોગ્રાફી સહકાર અને એર–ટુ–એર રિફ્યુઅલિંગ સહકાર માટે અમલીકરણ વ્યવસ્થા સુનિશ્ચિત કરવા ચર્ચા કરી હતી.
- આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI), એન્ટી સબમરીન વોરફેર, એન્ટી–ડ્રોન વોરફેર અને સાયબર જેવા વિશિષ્ટ પ્રશિક્ષણ ક્ષેત્રોમાં સહકારની સહિયારી દષ્ટિ અદ્યતન સંરક્ષણ ક્ષમતાઓ વિકસાવવાની પ્રતિબદ્ધતાને દર્શાવે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- બંને દેશોએ સ્વીકાર્યુ હતું કે સંરક્ષણ ઉદ્યોગ અને સંશોધનના ક્ષેત્રમાં મહત્ત્વપૂર્ણ સહયોગ પહેલાના મજબૂત સંબંધોને વધુ મજબૂત બનાવશે.
- અંડરવોટર ટેક્નોલોજીમાં સંયુક્ત સંશોધનમાં સહયોગ અને સંરક્ષણ સ્ટાર્ટ–અપ્સના ક્ષેત્રમાં જોડાણની ચર્ચા કરવામાં આવી હતી, જે સંરક્ષણ વ્યૂહરચનામાં નવીનતા અને તકનીકીનું પ્રતીક છે.

## ગ્લોબલ ફિશરીઝ કોન્ફરન્સ ઈન્ડિયા 2023



અમદાવાદમાં ગુજરાત સાયન્સ સિટી ખાતે કેન્દ્રીય મત્સ્યોદ્યોગ, પશુપાલન અને ડેરી મંત્રી શ્રી પરષોતમ રૂપાલા અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વર્લ્ડ ફિશરીઝ ડે નિમિત્તે બે દિવસીય ‘ગ્લોબલ ફિશરીઝ કોન્ફરન્સ ઈન્ડિયા 2023’નો પ્રારંભ કરાવ્યો હતો.

- ‘સેલિબ્રેટિંગ ફિશરીઝ એન્ડ એક્વાકલ્ચર વેલ્થ’ થીમ હેઠળ કોન્ફરન્સનો હેતુ અર્થપૂર્ણ ચર્ચાઓ, બજારની આંતરદષ્ટિ અને નેટવર્કિંગ માટે મુખ્ય હિતધારકોને સાથે લાવવાનો છે.
- તે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય હિસ્સેદારો સાથે ભાગીદારી બનાવવા અને ભારતના મત્સ્યોદ્યોગ ક્ષેત્રમાં ટકાઉ વિકાસ માટે રોટમેપની રૂપરેખા બનાવવા માટે એક પ્લેટફોર્મ તરીકે કામ કરે છે.
- આ પ્રસંગે એક્ઝીબિશન પેવેલિયનનું પણ ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું.
- ફ્રાન્સ, નોર્વે, ઓસ્ટ્રેલિયા, રશિયા, બ્રાઝિલ, ગ્રીસ, સ્પેન, ન્યૂઝીલેન્ડ અને ઝિમ્બાબ્વે સહિત 10 થી વધુ દેશોના પ્રતિનિધિમંડળોએ શારીરિક સહભાગીતાની પૃષ્ટિ કરી હતી. આ ઉપરાંત અન્ય વિદેશી રાજદ્વારીઓએ વર્ચ્યુઅલ રીતે કોન્ફરન્સમાં હાજરી આપી હતી.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ઘોલ માછલીને ગુજરાત રાજ્યની ‘સ્ટેટ ફિશ’ જાહેર કરવામાં આવી

અમદાવાદમાં ગ્લોબલ ફિશરીઝ કોન્ફરન્સ ઈન્ડિયા 2023 દરમિયાન ગુજરાત સરકારે ઘોલ માછલીને ગુજરાત રાજ્યની ‘રાજ્ય માછલી’ (સ્ટેટ ફિશ) જાહેર કરવામાં આવી છે.



- આ અગાઉ મહારાષ્ટ્ર અને ઉત્તરપ્રદેશ સરકારે પણ પોતાના રાજ્યમાં સ્ટેટ ફિશ જાહેર કરી હતી.
- આ માછલી મુખ્યત્વે ઈન્ડો–પેસિફિક પ્રદેશમાં જોવા મળે છે.
- આ ઉપરાંત આ માછલી ખાસ કરીને ગુજરાત અને મહારાષ્ટ્રના સમુદ્રી વિસ્તારોમાં મળી આવે છે.
- આર્થિક ધોરણે તેમનું ઘણું મહત્ત્વ છે. તેની ગણતરી મોંઘી માછલીઓમાં કરવામાં આવે છે.

- સ્થાનિક સ્તરે આ માછલીનું સેવન કરવામાં આવતું નથી પરંતુ અન્ય દેશોમાં ઘણી માંગ છે.
- ઘોલ માછલીનો ઉપયોગ દવાઓ ઉપરાંત કોસ્મેટિક આઈટમ્સ બનાવવામાં પણ થાય છે.
- તે આંખના સ્વાસ્થ્ય માટે ખૂબ સારી છે.
- આ માછલી અનેક ગુણોથી ભરપૂર છે. ઓમેગા-3 ફેટી એસિડ, આયોડિન, આયર્ન, મેગ્નેશિયમ, ફ્લોરાઈડ, DHA, EPA સહિતના અનેક પોષક તત્ત્વો તેમાં હોય છે.
- આ માછલી 1 મીટરની સરેરાશ લંબાઈ ધરાવે છે અને આઠ વર્ષ જેટલું જીવે છે.
- આ એક માછલીની કિંમત વિદેશમાં લગભગ 5 લાખ રૂપિયા જેટલી છે.
- જ્યારે ગુજરાતમાં તેની કિંમત 5000 થી રૂ. 15,000 સુધીની છે.

## ઉત્સર્જન ગેપ રિપોર્ટ 2023 ( Emissions Gap Report 2023)

તાજેતરમાં યુનાઈટેડ નેશન્સ એન્વાયર્નમેન્ટ પ્રોગ્રામ (UNEP)એ 'ઉત્સર્જન ગેપ રિપોર્ટ 2023' નામનો અહેવાલ બહાર પાડ્યો છે.



- આ અહેવાલ શ્રેણીની 14મી આવૃત્તિ છે જે ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જનમાં ભાવી વલણો જોવા અને ગ્લોબલ વોર્મિંગના પડકારો માટે સંભવિત ઉકેલો પ્રદાન કરવા માટે વિશ્વના ટોચના આબોહવા વૈજ્ઞાનિકોને એક સાથે લાવે છે.
- આ રિપોર્ટ 'Emissions Gap Report 2023 : Broken Record-Temperatures hit new highs, yet world fails to cut emissions (again)' શિર્ષક હેઠળ બહાર પાડવામાં આવ્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ઉત્સર્જન ગેપ રિપોર્ટ શું છે ?

ઉત્સર્જન ગેપ રિપોર્ટ એ એક સ્પોટલાઈટ રિપોર્ટ છે જે દર વર્ષે UNEPની વાર્ષિક આબોહવા વાટાઘાટો પહેલા શરૂ કરવામાં આવે છે.

- ઉત્સર્જન ગેપ રિપોર્ટ હાલમાં વૈશ્વિક ઉત્સર્જન અને વોર્મિંગના સ્તરને 1.5 ડિગ્રી સેલ્સિયસ સુધી મર્યાદિત કરવાની દેશોની પ્રતિબદ્ધતા વચ્ચેના અંતરને ટ્રેક કરે છે.

### રિપોર્ટના મુખ્ય મુદ્દાઓ

ગ્લોબલ વોર્મિંગને પૂર્વ–ઔદ્યોગિક સ્તરો કરતા 1.5 ડિગ્રી સેલ્સિયસ સુધી મર્યાદિત કરવાની માત્ર 14 ટકા શક્યતા છે.

- પેરિસ કરાર હેઠળના હાલના વચનોએ વિશ્વને આ સદીના અંત સુધીમાં પૂર્વ ઔદ્યોગિક સ્તરોથી 2.5-2.9 ડિગ્રી સેલ્સિયસ તાપમાનમાં વધારો મર્યાદિત કરવા માટે ટ્રેક પર સેટ કર્યો છે.

- તાપમાનના વધારાને 1.5-2 ડિગ્રી સેલ્સિયસ સુધી મર્યાદિત કરવા માટે 2030 સુધીમાં ઉત્સર્જનમાં 28-42% ઘટાડો કરવાની જરૂર છે.
- ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જન (GHG) એ વર્ષ 2022માં 57.4 ગીગાટન કાર્બન ડાયોક્સાઈડ સમકક્ષનો નવો વિક્રમ સ્થાપ્યો છે, જે પાછલા વર્ષ કરતા 1.2% વધુ છે.
- 100 વર્ષની ગ્લોબલ વોર્મિંગ સંભવિતતા સાથે અશ્મિ CO2 ઉત્સર્જન વર્તમાન GHG ઉત્સર્જનના લગભગ બે તૃતીયાંશ છે.
- બહુવિધ ડેટાસેટ અનુસાર 2022માં અશ્મિ CO2 ઉત્સર્જનમાં 0.8-1.5%ની વચ્ચે વધારો થયો હતો.
- જે GHG ઉત્સર્જનમાં એકંદર વધારામાં મુખ્ય ફાળો આપનાર હતો.
- વર્ષ 2022માં ફ્લોરિનેટેડ વાયુઓના ઉત્સર્જનમાં 5.5%નો વધારો થયો છે, ત્યારબાદ મિથેન 1.8% અને નાઈટ્રેસ ઓક્સાઈડ (N2O) 0.9% વધ્યો છે.
- G20 દેશોમાં GHG ઉત્સર્જન પણ 2022માં 1.2% વધવાનો અંદાજ છે.
- જોકે ઉત્સર્જન સભ્યો દેશોમાં અલગ–અલગ હોય છે.
- ચીન, ભારત, ઈન્ડોનેશિયા અને યુનાઈટેડ સ્ટેટ્સમાં ઉત્સર્જન વધ્યું છે. જ્યારે બ્રાઝિલ, યુરોપિયન યુનિયન અને રશિયન ફેડરેશનમાં તે ઘટ્યું છે.
- સામૂહિક રીતે G20 દેશો હાલમાં વૈશ્વિક ઉત્સર્જનમાં 76% હિસ્સો ધરાવે છે.
- ઉત્સર્જનને પાંચ મુખ્ય આર્થિક ક્ષેત્રોમાં વિભાજિત કરી શકાય છે–ઊર્જા પુરવઠો, ઉદ્યોગ, કૃષિ અને જમીનનો ઉપયોગ, જમીન–ઉપયોગ પરિવર્તન અને વનીકરણ, તથા પરિવહન અને ઈમારતો.
- વર્ષ 2022માં 20.9 ગીગાટન કાર્બન ડાયોક્સાઈડ સમકક્ષ (GtCo2e) (કુલના 36%) ઉત્સર્જનનો સૌથી મોટો સ્ત્રોત ઊર્જા પુરવઠો હતો. ત્યારબાદ ઉદ્યોગ (25%) હતો.
- જો વર્તમાન નીતિઓ અને પ્રતિજ્ઞાઓ ચાલુ રહેશે તો સદીના અંત સુધીમાં ગ્લોબલ વોર્મિંગ પૂર્વ ઔદ્યોગિક સ્તરો કરતા 3°C ઉપર પહોંચી જશે.
- બિનશરતી રાષ્ટ્રીય નિર્ધારિત યોગદાનનો અમલ કરવાથી 2.9°C સુધી મર્યાદિત થઈ શકે છે, જ્યારે શરતી રાષ્ટ્રીય નિર્ધારિત યોગદાન તેને 2.5°C સુધી મર્યાદિત કરી શકે છે.

1. તાજેતરમાં શ્રી જેવિયર મિલી કયા દેશના રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા છે ?

(A) આર્જેન્ટિના (B) રિપબ્લિક ઓફ કોંગો

(C) બ્રાઝિલ (D) ફિલિપાઈન્સ

(A)

2. તાજેતરમાં બીજો ભારત–ઓસ્ટ્રેલિયા 2+2 મંત્રી સ્તરીય સંવાદ કયા સ્થળે યોજાયો હતો ?

(A) સિડની (B) મુંબઈ (C) નવી દિલ્હી (D) મેલબોર્ન

(C)

3. તાજેતરમાં કયા સ્થળે 'ગ્લોબલ ફિશરીઝ કોન્ફરન્સ ઈન્ડિયા 2023'નું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું ?

(A) પ્રગતી મેદાન, નવી દિલ્હી (B) સ્પેસ સેન્ટર, બેંગ્લોર

(C) સાયન્સ સિટી, અમદાવાદ (D) IIT મદ્રાસ, તમિલનાડુ

(C)

4. તાજેતરમાં કઈ માછલીને ગુજરાત રાજ્યની 'સ્ટેટ ફિશ' તરીકે જાહેર કરવામાં આવી છે ?

(A) સાર્ક (B) ઘોલ (C) સુરમાઈ (D) મગરી

(B)

5. તાજેતરમાં 'ઉત્સર્જન ગેપ રિપોર્ટ 2023' (Emissions Gap Report 2023) બહાર પાડવામાં આવ્યો છે. આ રિપોર્ટ સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ રિપોર્ટ યુનાઈટેડ નેશન્સ એન્વાયર્નમેન્ટ પ્રોગ્રામ (UNEP) દ્વારા બહાર પાડવામાં આવ્યો હતો.
2. આ રિપોર્ટ અનુસાર ગ્લોબલ વોર્મિંગને પૂર્વ–ઔદ્યોગિક સ્તરો કરતા 1.5 ડિગ્રી સેલ્સિયસ સુધી મર્યાદિત કરવાની માત્ર 14% શક્યતા છે.
3. રિપોર્ટમાં જણાવ્યા અનુસાર G7 દેશો સામૂહિક રીતે વૈશ્વિક ઉત્સર્જનમાં 19% હિસ્સો ધરાવે છે.
4. રિપોર્ટમાં જણાવ્યા અનુસાર સામૂહિક રીતે G20 દેશો હાલમાં વૈશ્વિક ઉત્સર્જનમાં 76% હિસ્સો ધરાવે છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો

(A) માત્ર 1, 2 અને 4 (B) માત્ર 2, 3 અને 4

(C) માત્ર 1, 2 અને 3 (D) 1, 2, 3 અને 4

(A)


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ગિરનારની લીલી પરિક્રમા

ગુજરાતમાં ગરવા ગિરનારની પરિક્રમા 'લીલી પરિક્રમા' તરીકે ઓળખાય છે.

- હિંદુ કેલેન્ડર પ્રમાણે પ્રતિ વર્ષ કારતક સુદ અગિયારસની મધ્યરાત્રીએ આ પરિક્રમાનો વિધિવત્ પ્રારંભ થાય છે.

### ગિરનારની લીલી પરિક્રમાની વિશેષતાઓ



દર વર્ષે કારતક સુદ અગિયારસથી કારતકી પૂનમ સુધી આ પરિક્રમા યોજાય છે.

- ગિરનારની પરિક્રમાથી ગરવા ગિરનારમાં વસતા 33 કરોડ દેવતાઓના તપનું પુણ્ય મળે છે એવી લોકવાયકા છે.
- આ પરિક્રમા લગભગ 36 કિલોમીટર લાંબી છે.
- આ પરિક્રમાનો પ્રારંભ જૂનાગઢની ભવનાથ તળેટીમાં આવેલ દૂધેશ્વર મહાદેવના મંદિરથી થાય છે.
- આ પરિક્રમા પૂર્ણ કર્યા બાદ ભાવિકો દામોદર કુંડમાં સ્નાન કરે છે. એવું કહેવાય છે કે જ્યાં સુધી દામોદર કુંડમાં સ્નાન ન કરે ત્યાં સુધી લીલી પરિક્રમા અધૂરી ગણાય છે.
- આ પરિક્રમાના મુખ્ય પડાવોમાં ઝીણાબાવાની મઢી, માળવેલા અને બોરદેવી મંદિરનો સમાવેશ થાય છે.
- લીલી પરિક્રમાના રૂટ પર ત્રણ ઘોડીઓ (એટલે કે પર્વતોની વચ્ચે પસાર થઈ રહેલી બળદના ખૂંધ જેવી રચના. જેમાં પહેલાં ચઢાણ ચઢવાનું અને પછી એ ચઢાણ ઉતરવાનું હોય છે.) આવે છે :

  (1) ઈંટવા ઘોડી, (2) માળવેલા ઘોડી અને (3) નાળ–પાણીની ઘોડી
- જેમાં નાળ–પાણીની ઘોડી સૌથી આકરી અને ઘણી ઊંચાઈએ આવેલ છે. તેમજ તેનું ચઢાણ એકદમ સીધું છે.
- આ ઘોડી માળવેલા તથા બોરદેવી મંદિરની વચ્ચે સ્થિત છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વિશ્વ વિખ્યાત 'પુષ્કરના મેળા'નો રાજસ્થાનમાં પ્રારંભ

ભારતમાં રાજસ્થાનના અજમેર જિલ્લાના પુષ્કર ખાતે દર વર્ષે કારતક મહિનામાં મેળો ભરાય છે.



- આ મેળો કારતક મહિનામાં પૂનમના કેટલાક દિવસો અગાઉ શરૂ થાય છે અને કાર્તિકી પૂનમના રોજ પૂરો થાય છે.
- ભારતમાં પુષ્કરનો મેળો રાજસ્થાનના ભાતીગળ મેળા તરીકે ઓળખાય છે.
- આ મેળો 'પુષ્કરનો મેળો', 'પુષ્કરનો ઊંટનો મેળો' અથવા તો 'કારતક મેળા' તરીકે પણ ઓળખાય છે.

- ખાસ કરીને ઊંટ ઉપરાંત ઘોડા, બળદ તથા અન્ય પશુઓના ખરીદ–વેચાણ તથા પ્રદર્શન માટે આ મેળો ખૂબ જ પ્રસિદ્ધ છે.
- પુષ્કર તીર્થધામમાં બ્રહ્માજીનું મંદિર આવેલ છે તેમજ અહીં પુષ્કર સરોવર આવેલ છે. જેની ગણતરી ભારતના પવિત્ર સરોવરમાં થાય છે.

## વજ્ર પ્રહાર 2023 : ભારત - અમેરિકા

તાજેતરમાં મેઘાલયના ઉમરોઈ કેન્ટોનમેન્ટ ખાતે ભારત અને અમેરિકાના વિશેષ દળો વચ્ચે 'વજ્ર પ્રહાર 2023' નામની સહયોગી લશ્કરી કવાયત શરૂ થઈ છે.

- વજ્ર પ્રહાર કવાયતની આ 14મી આવૃત્તિ છે.
- તેની પ્રથમ આવૃત્તિ ભારતમાં વર્ષ 2010માં યોજાઈ હતી.
- વજ્ર પ્રહાર 2023માં ભાગ લેનાર અમેરિકન ટુકડીમાં પ્રથમ સ્પેશિયલ ફોર્સીસ ગ્રુપના કર્મચારીઓનો સમાવેશ થાય છે.
- જ્યારે ભારતીય ટુકડીનું નેતૃત્વ પૂર્વ કમાન્ડના વિશેષ દળોના જવાનો કરી રહ્યા છે.
- 11 ડિસેમ્બર સુધી ચાલનારી આ સંયુક્ત કવાયત પર્વતીય ભૂપ્રદેશમાં પરંપરાગત અને બિન પરંપરાગત પરિસ્થિતિઓમાં સંયુક્ત આયોજન અને વિશેષ કામગીરી, આતંકવાદ વિરોધી કામગીરી અને હવાઈ કામગીરીના રિહર્સલ પર ધ્યાન કેન્દ્રિત કરશે.
- સંયુક્ત કવાયત માત્ર વિશેષ દળોની ક્ષમતાઓ અને આંતર કાર્યક્ષમતાને જ નહીં પરંતુ ભારત અને અમેરિકા વચ્ચે દ્વિપક્ષીય સૈન્ય સહયોગને પણ મજબૂત બનાવે છે.
- નોંધનીય છે કે આ કવાયતની 13મી આવૃત્તિ સ્પેશિયલ ફોર્સિસ ટ્રેનિંગ સ્કૂલ બકલોહ, હિમાચલ પ્રદેશમાં યોજાઈ હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®



1. ગુજરાતમાં ગિરનારની પરિક્રમા કયા નામે ઓળખાય છે ?

(A) ગરવી પરિક્રમા (B) દત્ત પરિક્રમા (C) લીલી પરિક્રમા (D) વન્ય પરિક્રમા — (C)

2. ગુજરાતમાં ગિરનારની લીલી પરિક્રમાનો વિધિવત્ પ્રારંભ ક્યારથી થાય છે ?

(A) કારતક સુદ પાચમ (B) કારતક સુદ સાતમ
(C) કારતક સુદ અગિયારસ (D) કારતક સુદ પૂનમ — (C)

3. ગિરનારની લીલી પરિક્રમાની લંબાઈ અંદાજિત કેટલા કિલોમીટર છે ?

(A) 26 (B) 36 (C) 46 (D) 48 — (B)

4. પ્રસિદ્ધ પુષ્કરનો મેળો કયા રાજ્યમાં ભરાય છે ?

(A) રાજસ્થાન (B) મધ્યપ્રદેશ (C) ઉત્તરપ્રદેશ (D) હરિયાણા — (A)


5. ઊંટની લેવડ–દેવડ માટે પ્રસિદ્ધ પુષ્કરનો મેળો દર વર્ષે કયા મહિનામાં ભરાય છે ?

(A) અષાઢ (B) શ્રાવણ (C) આસો (D) કારતક — (D)

6. તાજેતરમાં ભારત અને કયા દેશ વચ્ચે ‘વજ્ર પ્રહાર 2023’ નામની કવાયત યોજાઈ હતી ?

(A) ઓસ્ટ્રેલિયા (B) અમેરિકા (C) જાપાન (D) સિંગાપોર — (B)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## સુપ્રીમ કોર્ટના પ્રથમ મહિલા ન્યાયાધીશ જસ્ટિસ એમ. ફાતિમા બીવીનું નિધન

તાજેતરમાં ભારતની સુપ્રીમ કોર્ટના પ્રથમ મહિલા ન્યાયાધીશ જસ્ટિસ એમ. ફાતિમા બીવીનું 96 વર્ષની વયે નિધન થયું છે.

- તેઓ દેશના ઉચ્ચ ન્યાયતંત્રમાં નિયુક્ત થનારા પ્રથમ મુસ્લિમ મહિલા પણ હતા.

### સુશ્રી ફાતિમા બીવી

સુશ્રી ફાતિમા બીવીનો જન્મ 30 એપ્રિલ, 1927ના રોજ કેરળમાં પથનમથિટ્ટા ખાતે થયો હતો.

- તેમણે 1950માં એડવોકેટ તરીકે નોંધણી કરાવી હતી અને 1950માં બાર કાઉન્સિલની પરીક્ષામાં ટોચનું સ્થાન મેળવ્યું હતું.



- તેમણે કેરળમાં નીચલા ન્યાયતંત્રમાં તેની કારકિર્દીની શરૂઆત કરી હતી.
- 1984માં તેઓ હાઈકોર્ટના કાયમી ન્યાયાધીશ બન્યા હતા.
- ત્યારબાદ તેમને 6 ઓક્ટોબર, 1989ના રોજ સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ તરીકે ઉન્નત કરવામાં આવ્યા હતા અને 29 એપ્રિલ, 1992ના રોજ નિવૃત્ત થયા હતા.
- આ સાથે સુપ્રીમ કોર્ટમાં ન્યાયાધીશ થનાર પ્રથમ ભારતીય મહિલા બન્યા હતા.
- નિવૃત્તિબાદ તેઓ જાન્યુઆરી 1997માં તમિલનાડુના રાજ્યપાલ બન્યા હતા.
- આ ઉપરાંત તેમણે ભારતના રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગના સભ્ય તરીકે પણ સેવા આપી હતી.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

### પ્રથમ ભારતીય મહિલાઓ

- અવકાશમાં જનાર પ્રથમ ભારતીય મહિલા : **કલ્પના ચાવલા**
- પ્રથમ મહિલા મંત્રી : **રાજકુમારી અમૃત કૌર**
- ઈંગ્લિશ ચેનલ તરનાર પ્રથમ મહિલા : **આરતી સાહા**
- ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના પ્રથમ ભારતીય મહિલા પ્રમુખ : **સરોજિની નાયડુ**
- ઓલિમ્પિકમાં પ્રથમ ચંદ્રક મેળવનાર મહિલા ખેલાડી : **કર્ણમ મલ્લેશ્વરી**
- સુપ્રીમ કોર્ટના પ્રથમ મહિલા ન્યાયાધીશ : **ફાતિમા બીવી**
- UPSCના પ્રથમ મહિલા અધ્યક્ષ : **રોઝ મિલિયન**
- પ્રથમ મહિલા રાજ્યપાલ : **સરોજિની નાયડુ** (UP)

- ભારતના પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ : **શ્રીમતી પ્રતિભા પાટિલ**
- પ્રથમ મહિલા I.A.S અધિકારી : **અન્ના રાજમ મલ્હોત્રા**
- બુકર પ્રાઈઝ મેળવનાર પ્રથમ ભારતીય મહિલા : **અરુંધતી રોય**
- બોક્સિંગમાં ઓલિમ્પિકમાં ચંદ્રક મેળવનાર પ્રથમ ભારતીય મહિલા : **એમ.સી.મેરીકોમ**
- પ્રથમ મિસ યુનિવર્સ બનનાર ભારતીય મહિલા : **સુસ્મિતા સેન**
- ભારતીય રાજ્યની પ્રથમ મહિલા મુખ્યમંત્રી : **સુચિતા કૃપલાણી (ઉત્તરપ્રદેશ)**
- રેમન મેગ્સેસે એવોર્ડ મેળવનાર પ્રથમ મહિલા : **મધર ટેરેસા**
- લોકસભાના પ્રથમ મહિલા અધ્યક્ષ : **શ્રીમતી મીરા કુમાર**
- પ્રથમ મહિલા IPS અધિકારી : **કિરણ બેદી**
- ભારત રત્નથી સન્માનિત પ્રથમ મહિલા : **શ્રીમતી ઈન્દિરા ગાંધી**
- માઉન્ટ એવરેસ્ટ પર ચડનાર પ્રથમ મહિલા : **કુમારી બચેન્દ્રી પાલ**
- ભારતીય જ્ઞાનપીઠ પુરસ્કારથી સન્માનિત પ્રથમ મહિલા : **આશાપૂર્ણા દેવી**
- પ્રથમ મહિલા રાજદૂત : **વિજ્યાલક્ષ્મી પંડિત**
- ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના પ્રથમ મહિલા પ્રમુખ : **એની બેસન્ટ**
- હાઈકોર્ટના પ્રથમ મહિલા મુખ્ય ન્યાયાધીશ : **શ્રીમતી લીલા શેઠ (હિમાચલ પ્રદેશ)**
- ભારતના પ્રથમ મહિલા વડાપ્રધાન : **શ્રીમતી ઈન્દિરા ગાંધી**
- સાહિત્ય અકાદમી પુરસ્કાર મેળવનાર પ્રથમ મહિલા : **અમૃતા પ્રીતમ**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## એમી એવોર્ડ 2023

તાજેતરમાં પ્રસિદ્ધ સ્ટેન્ડ અપ કોમેડિયન વીર દાસે 'ઈન્ટરનેશનલ એમી એવોર્ડ 2023'માં બેસ્ટ યુનિક કોમેડી માટે ટ્રોફી જીતી ઈતિહાસ રચ્યો હતો.



- નેટફ્લિક્સ પર સ્ટ્રીમ થતા શો 'વીર દાસ લેન્ડિંગ' માટે વીર દાસને એમી ઈન્ટરનેશનલ એવોર્ડ મળ્યો છે.
- આ ઉપરાંત પ્રતિષ્ઠિત ફિલ્મ અને ટેલિવિઝન નિર્માતા એકતા કપૂરને ડિરેક્ટોરેટ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.
- આ સાથે તેઓ આંતરરાષ્ટ્રીય એમી ડિરેક્ટોરેટ એવોર્ડ જીતનાર પ્રથમ ભારતીય મહિલા ફિલ્મ નિર્માતા બન્યા છે.

**નોંધ :** (1) એમી એવોર્ડ ટેલિવિઝન અને ઉભરતા મીડિયા પ્રદર્શનમાં શ્રેષ્ઠતા આપવામાં આવતો પ્રતિષ્ઠિત પુરસ્કાર છે.

(2) ઓસ્કાર અને ગોલ્ડન ગ્લોબ એવોર્ડથી વિપરિત એમી એવોર્ડનો હેતુ ટેલિવિઝનમાં સિદ્ધિઓને ઓળખવા માટે ખાસ છે.

(3) એમી શબ્દનો કોઈ ચોક્કસ અર્થ નથી તે એવોર્ડના નામ સાથે કામ કરે છે.

## સ્પેશિયલ પ્રોટેક્શન ગ્રુપ (SPG)ના નવા ડિરેક્ટર તરીકે શ્રી આલોક શર્માની નિમણૂક કરવામાં આવી

વરષ્ઠિ IPS અધિકારી શ્રી આલોક શર્માની સ્પેશિયલ પ્રોટેક્શન ગ્રુપ (SPG)ના નવા ડિરેક્ટર તરીકે નિમણૂક કરવામાં આવી છે.



- શ્રી આલોક શર્મા ઉત્તરપ્રદેશ કેડરના 1991 બેચના IPS અધિકારી છે.
- તેમણે ઉત્તરપ્રદેશ રાજ્યમાં ખૂબ જ મહત્ત્વપૂર્ણ પદો પર સેવા આપી છે.
- તેઓ SPGમાં વર્તમાન એડિશનલ ડિરેક્ટર તરીકે કાર્યરત હતા.

**નોંધ :** (1) વડાપ્રધાન, ભૂતપૂર્વ વડાપ્રધાન અને તેમના નજીકના પરિવારના સભ્યોને સુરક્ષા કવચ આપવા માટે 1985માં SPGની સ્થાપના કરવામાં આવી હતી.

(2) SPGમાં CRPF, બોર્ડર સિક્યુરિટી ફોર્સ અને અન્ય કેન્દ્રીય તથા રાજ્ય દળોના જવાનોના સમાવેશ થાય છે.




1. તાજેતરમાં જસ્ટિસ એમ ફાતિમા બીવીનું નિધન થયું છે. તેમના વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તેઓ સુપ્રીમ કોર્ટના પ્રથમ મહિલા ન્યાયાધીશ હતા.
2. તેમણે કેરળના નીચલા ન્યાયતંત્રમાં તેમની કારકિર્દીની શરૂઆત કરી હતી.
3. તેમણે તમિલનાડુના રાજ્યપાલ તરીકે પણ સેવા આપી હતી.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 1 અને 2

(C) 1, 2 અને 3 (D) ફક્ત 1 **(C)**

2. તાજેતરમાં સમાચારમાં રહેલ 'ઈન્ટરનેશનલ એમી એવોર્ડ 2023' વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. ભારતના પ્રસિદ્ધ સ્ટેન્ડ અપ કોમેડિયન વીર દાસે 'વીર દાસ લેન્ડિંગ' માટે બેસ્ટ યુનિક કોમેડી કેટેગરીમાં એવોર્ડ મળ્યો છે.
2. આ એવોર્ડમાં ટેલિવિઝન નિર્માતા એકતા કપુરને ડિરોક્ટોરેટ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1 (B) માત્ર 2

(C) 1 અને 2 બંને સાચા (D) 1 અને 2 બંને ખોટા **(C)**

3. તાજેતરમાં 'સ્પેશિયલ પ્રોટેક્શન ગ્રુપ (SPG)'ના નવા ડિરેક્ટર તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?

(A) શ્રી અરૂણ કુમાર સિન્હા (B) શ્રી આલોક શર્મા

(C) શ્રી રાજેશ વર્મા (D) શ્રી અરૂણ શર્મા **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 25 નવેમ્બર, આંતરરાષ્ટ્રીય મહિલા હિંસા નિવારણ દિવસ (International Day for the Elimination of Violence Against Women)

મહિલા હિંસા અંગે જાગૃતિ ફેલાવવા માટે સમગ્ર વિશ્વમાં દર વર્ષે 25 નવેમ્બરના રોજ 'આંતરરાષ્ટ્રીય મહિલા હિંસા નિવારણ દિન'ની ઉજવણી કરવામાં આવે છે.




- આ દિવસના આયોજનનો મુખ્ય ઉદ્દેશ્ય મહિલાઓ સામે થતી હિંસા અટકાવવાનો અને મહિલાઓને તેમના મૂળભૂત માનવ અધિકારો અને લિંગ સમાનતા વિશે જાગૃત કરવાનો છે.
- વર્ષ 2023ની 'આંતરરાષ્ટ્રીય મહિલા હિંસા નિવારણ દિવસ'ની થીમ 'UNITE ! Invest to Prevent violence against women and girls' છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## બિલિયર્ડ્સમાં શ્રી પંકજ અડવાણીએ 26મું વર્લ્ડ ટાઈટલ જીત્યું

ભારતના અનુભવી બિલિયર્ડ્સ ખેલાડી શ્રી પંકજ અડવાણીએ તાજેતરમાં પોતાની કારકિર્દીનું 26મું વર્લ્ડ ટાઈટલ જીત્યું હતું.



- તેમણે દોહામાં રમાયેલી IBSF વર્લ્ડ ચેમ્પિયનશિપ લોંગ અપ જીતી હતી.
- ફાઈનલમાં તેમણે ભારતના જ અન્ય ક્યૂ પ્લેયર સૌરવ કોઠારીને પરાજય આપ્યો હતો.
- નોંધનીય છે કે શ્રી પંકજ અડવાણીએ 2005માં તેમનું પ્રથમ વર્લ્ડ ટાઈટલ જીત્યું હતું.

## મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યવ્યાપી 'રવિ કૃષિ મહોત્સવ-2023'નું ઉદ્‌ઘાટન કર્યું

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અમદાવાદમાં દસ્ક્રોઈ તાલુકાના પીરાણા ખાતેથી રાજ્યવ્યાપી 'રવિ કૃષિ મહોત્સવ-2023'નું ઉદ્‌ઘાટન કર્યું હતું.



- અમદાવાદ જિલ્લામાંથી રાજ્યકક્ષાના કાર્યક્રમની સાથે સાથે જિલ્લાના તમામ 9 તાલુકાઓ સહિત તમામ 246 તાલુકાઓમાં બે દિવસીય 'રવિ કૃષિ મહોત્સવ'ની ઉજવણી કરવામાં આવી હતી.
- આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે આંતરરાષ્ટ્રીય બાજરી વર્ષ નિમિત્તે ખેડૂતોને પોષક તત્ત્વોથી ભરપૂર બરછટ અનાજની ખેતી કરવા અને જૈવિક ખેતી અપનાવવા વિનંતી કરી હતી.

- આ ઉપરાંત તેમણે જણાવ્યું કે વર્ષ 2005થી જ્યારે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે ગુજરાતમાં કૃષિ મહોત્સવ અને કૃષિ મેળાઓની શરૂઆત કરી હતી, ત્યારથી રાજ્ય સરકાર કૃષિ વિકાસને પ્રોત્સાહન આપવામાં મોખરે રહી છે.
- આ ઉત્સવનો ઉદ્દેશ્ય રાજ્યના ખેડૂતોને મોસમી પાકોને લગતી આધુનિક કૃષિ ટેક્નોલોજી પર માર્ગદર્શન આપવાનો અને વિવિધ ખેડૂતલક્ષી સહાયક યોજનાઓની સમજ આપવાનો છે.

## કમ્બલા ફેસ્ટિવલ : ભેંસોની દોડ



ભેંસની પરંપરાગત રેસ 'કમ્બલા' કર્ણાટકના બેંગ્લુરુમાં પ્રથમ વખત યોજાશે.

- કમ્બલા એ ભેંસની રેસ છે જે દરિયાકાંઠાના કર્ણાટકના જિલ્લાઓમાં (ઉડુપી અને દક્ષિણ કન્નડ) શિયાળાના મહિનાઓ દરમિયાન યોજાય છે, જ્યારે ખેડૂતો તેમના ડાંગરનો પાક લણતા હોય છે.
- આ રેસ અથવા દોડ કાદવ અને પાણીથી ભરેલા બે સમાંતર ટ્રેક પર યોજાય છે.
- ભેંસની દરેક જોડીમાં એક જોકી અથવા 'કમ્બલા રનર' (કમ્બલા ધાવક) પણ હોય છે જે ટ્રેક પરના પ્રાણીઓને નિયંત્રિત કરવા અને આદેશ આપવા માટે હોય છે.
- જે ટીમ જીતે છે તે ચેમ્પિયન બને ત્યાં સુધી ઉચ્ચ રાઉન્ડ માટે ક્વોલિફાય થાય છે.
- રેસ જીતવાના ધ્યેય ઉપરાંત દોડવીર દોડ દરમિયાન શક્ય તેટલું પાણી છાંટીને દર્શકોનું મનોરંજન પણ કરે છે.
- હકીકતમાં કેટલાક વિજેતાઓની જાહેરાત પણ પાણીના છાંટા આધારે કરવામાં આવે છે, તેને 'કોલું' કહે છે.
- કેટલાક ખેડૂતો તેમના પ્રાણીઓને રોગથી બચાવવા માટે ભગવાનનો આભાર માનવા માટે તેમની ભેંસોની રેસ કરે છે.

## મિત્ર શક્તિ 2023 કવાયત : ભારત - શ્રીલંકા

સંયુક્ત સૈન્ય કવાયત 'મિત્ર શક્તિ 2023 કવાયત'ની નવમી આવૃત્તિ ઔંધ (પૂણે)માં શરૂ થઈ છે.

- આ કવાયત 16 નવેમ્બર થી 29 નવેમ્બર 2023 સુધી યોજાઈ છે.
- આ કવાયત ભારતીય અને શ્રીલંકાના સશસ્ત્રો દળોને સહયોગી તાલીમ અને વ્યૂહાત્મક સહકાર માટે એક સાથે લાવે છે.
- 120 જવાનોની ભારતીય ટૂકડીનું પ્રતિનિધિત્વ મુખ્યત્વે મરાઠા લાઈટ ઈન્ફેન્ટ્રી રેજિમેન્ટના સૈનિકો દ્વારા કરવામાં આવી રહ્યું છે.



- જ્યારે શ્રીલંકાના પક્ષનું પ્રતિનિધિત્વ 53 પાયદળ વિભાગના કર્મચારીઓ કરી રહ્યા છે.
- આ કવાયતમાં ભારતીય વાયુસેનાના 15 અને શ્રીલંકન વાયુસેનાના પાંચ જવાનો પણ ભાગ લઈ રહ્યા છે.
- આ કવાયતનો ઉદ્દેશ સંયુક્ત રાષ્ટ્ર ચાર્ટરના પ્રકરણ VII હેઠળ પેટા પરંપરાગત કામગીરીના આચરણનું સંયુક્તપણે રિહર્સલ કરવાનો છે.
- કવાયતના કાર્યક્ષેત્રમાં આતંકવાદ વિરોધી કામગીરી દરમિયાન સંયુક્ત પ્રતિભાવોનો સમન્વય કરવાનો સમાવેશ થાય છે.
- બંને પક્ષો વ્યૂહાત્મક ક્રિયાઓનો અભ્યાસ કરશે, જેમાં દરોડા, શોધ અને નાશ મિશન અને હેલિબોર્ન ઓપરેશન્સનો સમાવેશ થાય છે.
- આ ઉપરાંત કવાયતમાં હેલિકોપ્ટરની સાથે ડ્રોન અને કાઉન્ટર માનવરહિત એરિયલ સિસ્ટમ સહિત અદ્યતન તકનીકોનો ઉપયોગ સામેલ છે.




| | | | | | |
|---|---|---|---|---|---|
| 1. | સંયુક્ત રાષ્ટ્ર દ્વારા 'આંતરરાષ્ટ્રીય મહિલા હિંસા નિવારણ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ? | | | | |
| | (A) 23 નવેમ્બર | (B) 24 નવેમ્બર | (C) 25 નવેમ્બર | (D) 26 નવેમ્બર | (C) |
| 2. | વર્ષ 2023ની 'આંતરરાષ્ટ્રીય મહિલા હિંસા નિવારણ દિવસ'ની થીમ શું છે ? | | | | |
| | (A) Red the World : End Violence Against Women Now | | | | |
| | (B) Green the World : End Violence Against Women Now | | | | |
| | (C) UNITE ! Activism to End Violence Against Women and Girls | | | | |
| | (D) UNITE ! Invest to Prevent Violence Against Women and Girls | | | | (D) |
| 3. | તાજેતરમાં સમાચારમાં રહેલ શ્રી પંકજ અડવાણી કઈ રમત સાથે સંકળાયેલ છે ? | | | | |
| | (A) બિલિયર્ડ્સ | (B) શૂટિંગ | (C) ગોલ્ફ | (D) આઈસ હોકી | (A) |
| 4. | તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલે કયા સ્થળેથી રાજ્યવ્યાપી 'રવિ કૃષિ મહોત્સવ 2023'નું ઉદ્‌ઘાટન કર્યુ હતું ? | | | | |
| | (A) દેરીયા, વિજાપુર | (B) પીરાણા, દસ્ક્રોઈ | (C) કટારા, હારિજ | (D) અંબોડ, માણસા | (B) |
| 5. | તાજેતરમાં સમાચારમાં રહેલ 'કમ્બલા' શું છે ? | | | | |
| | (A) કર્ણાટકમાં પરંપરાગત ભેંસોની દોડનો ફેસ્ટિવલ | | | | |
| | (B) આસામમાં ડાંગરની લણણી સમયે ઉજવાતો ફેસ્ટિવલ | | | | |
| | (C) ભારતીય સેના દ્વારા નેપાળની બોર્ડર પર બનાવેલ ચેક પોસ્ટ | | | | |
| | (D) ભારત–બાંગ્લાદેશ વચ્ચેની સંયુક્ત લશ્કરી કવાયત | | | | (A) |
| 6. | તાજેતરમાં ભારત અને કયા દેશ વચ્ચે 'મિત્ર શક્તિ 2023 કવાયત' યોજાઈ હતી ? | | | | |
| | (A) બાંગ્લાદેશ | (B) મંગોલિયા | (C) શ્રીલંકા | (D) ઓમાન | (C) |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ગુજરાત

➤ **સુરતમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં 'સુરત' યુદ્ધ જહાજના ક્રેસ્ટનું અનાવરણ કરવામાં આવ્યું**



સુરતમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નૌકાદળના વડા એડમિરલ આર. હરિકુમારની હાજરીમાં 'સુરત' યુદ્ધ જહાજના ક્રેસ્ટનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. INS સુરત એ ભારતીય નૌકાદળના વિશાખાપટ્ટનમ–ક્લાસ સ્ટેલ્થ ગાઈડેડ–મિસાઈલ વિનાશક (પ્રોજેક્ટ 15B)નું ચોથું અને છેલ્લું જહાજ છે. સુરત શહેરમાં સમૃદ્ધ દરિયાઈ અને જહાજ નિર્માણનો ઈતિહાસ છે. આ શહેરમાં 16મી અને 18મી સદીમાં બાંધવામાં આવેલા જહાજો તેમના લાંબા આયુષ્ય (100 વર્ષથી વધુ) માટે જાણીતા હતા.


## ભારત

➤ **USI વાર્ષિક યુએન ફોરમ 2023**

રાષ્ટ્રીય સુરક્ષા અને લશ્કરી બાબતોને સમર્પિત દેશની સૌથી જૂની થિંક–ટેન્ક તરીકે 1870માં સ્થપાયેલી યુનાઈટેડ સર્વિસ ઈન્સ્ટિટ્યૂશન ઓફ ઈન્ડિયા (USI)એ 21-22 નવેમ્બરના નવી દિલ્હીમાં વાર્ષિક યુએન ફોરમ 2023નું આયોજન કર્યુ હતું. આ વર્ષની ફોરમમાં 'આંતરરાષ્ટ્રીય માનવતાવાદી કાયદો અને પીસકીપિંગના મહત્ત્વના વિષય પર ચર્ચા કરવામાં આવી હતી. પ્રથમ સત્ર યુએન પીસકીપિંગ મિશનમાં આંતરરાષ્ટ્રીય માનવતાવાદી કાયદા (IHL) સિદ્ધાંતોના પડકારો અને એપ્લિકેશનોનું અન્વેષણ કરશે બીજા સત્રનો ઉદ્દેશ્ય પીસકીપિંગ ઓપરેશન્સમાં નાગરિક આદેશના રક્ષણ સંબંધિત અવરોધોનું વિશ્લેષણ કરવાનો હતો. ત્રીજા સત્રમાં સહભાગીઓ જ્યારે શાંતિ રક્ષકોને નિશાન બનાવવામાં આવે ત્યારે જવાબદારી સુનિશ્ચિત કરવા માટે કાયદાકીય માળખાની તપાસ કરશે. ચોથું સત્ર લિંગ–સમાવેશક શાંતિ નિર્માણના મહત્ત્વ પર પ્રકાશ પાડશે. જ્યારે પાંચમું સત્ર પીસકીપીંગમાં ટેક્નોલોજીની ભૂમિકાનું અન્વેષણ કરશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **પેરુમલ મુરુગનની 'ફાયર બર્ડ'એ સાહિત્ય માટે 2023નું JCB પ્રાઈઝ જીત્યું**



તમિલ લેખક પેરુમલ મુરુગનની નવલકથા 'ફાયર બર્ડ', જનની કન્નન દ્વારા નિપુણતાથી અંગ્રેજીમાં અનુવાદિત સાહિત્ય માટે 2023ના JCB પ્રાઈઝમાં વિજયી બની છે. નવી દિલ્હીમાં પેંગ્વિન રેન્ડમ હાઉસ ઈન્ડિયા દ્વારા પ્રકાશિત પુસ્તક સાથે પ્રતિષ્ઠિત એવોર્ડની જાહેરાત કરવામાં આવી હતી. જ્યુરી સભ્ય થિયાગરાજન નવલકથાને સામાન્ય જીવનની એક શક્તિશાળી વિચારપ્રેરક વાર્તા તરીકે વર્ણાવે છે. તે ગ્રામીણ તમિલનાડુની તેમની સમજને સમૃદ્ધ કરીને વિશ્વ, સમય અને સ્થળમાં અંગ્રેજી વાચકોને નિમજ્જિત કરવાની તેની ક્ષમતાને પ્રકાશિત કરે છે. જેસીબી ગ્રુપના ચેરમેન લોર્ડ બોમફોર્ડે વર્ચ્યુઅલ રીતે એવોર્ડની જાહેરાત કરી હતી.

➤ **હરિયાણાનો ખાનગી ક્ષેત્રનો ક્વોટા કાયદો**

તાજેતરમાં પંજાબ અને હરિયાણા હાઈકોર્ટે 'હરિયાણા સ્ટેટ એમ્પ્લોયમેન્ટ ઓફ લોકલ કેન્ડીડેટ્સ એક્ટ, 2020'ને ફગાવી દીધો છે, જેમાં ખાનગી ક્ષેત્રની નોકરીમાં સ્થાનિક ઉમેદવારો માટે 75% અનામત ફરજિયાત છે. કોર્ટે આ કાયદાને ગેરબંધારણીય અને નાગરિકો અને નોકરીદાતાઓના મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન ગણાવ્યો છે. હરિયાણા સ્ટેટ એમ્પ્લોયમેન્ટ ઓફ લોકલ કેન્ડિડેટ્સ એક્ટ, 2020 રાજ્ય સરકાર દ્વારા માર્ચ 2021માં લાગુ કરવામાં આવ્યો હતો. કાયદો રૂ.30,000 (મૂળ રૂ.50,000) કરતા ઓછા માસિક પગાર સાથે ખાનગી ક્ષેત્રમાં 10 વર્ષ માટે સ્થાનિક ઉમેદવારો માટે 75% અનામતની જોગવાઈ કરે છે. આ અધિનિયમમાં કંપનીઓ, સોસાયટીઓ, ટ્રસ્ટો, ભાગીદારી પેઢીઓ અને મોટા વ્યક્તિગત નોકરીદાતાઓ સહિત વિવિધ સંસ્થાઓ આવરી લેવામાં આવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

➤ **હિમાચલ પ્રદેશે વિદ્યા સમિક્ષા કેન્દ્રનું ઉદ્‌ઘાટન કર્યુ**



હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રી શ્રી સુખવિંદર સિંહ સુખુએ તાજેતરમાં શિમલામાં વિદ્યા સમીક્ષા કેન્દ્ર (VSK)નું ઉદ્‌ઘાટન કર્યુ હતું. આ નવીન ડેટા રિપોઝીટરી ટેક્નોલોજી અને ડેટા આધારિત અભિગમોનો સમાવેશ કરીને રાજ્યની શિક્ષણ પ્રણાલીમાં પરિવર્તન લાવવા માટે તૈયાર છે. વિદ્યા સમીક્ષા કેન્દ્ર એક વ્યાપક ડેટા રિપોઝીટરી તરીકે સેવા આપશે, જે શિક્ષણ મંત્રાલય દ્વારા ચલાવવામાં આવતી તમામ યોજનાઓમાંથી માહિતી એકત્ર કરશે. તેનો હેતુ ટેક્નોલોજીનો ઉપયોગ કરીને રાજ્યમાં શિક્ષણ પ્રણાલીની કાર્યક્ષમતા વધારવાનો છે.

# વિશ્વ

➤ **એશિયા-પેસિફિક ઈકોનોમિક કોઓપરેશન સમિટ, 2023**




તાજેતરમાં એશિયા–પેસિફિક ઈકોનોમિક કોઓપરેશન (APEC) દેશોની સમિટ 2023 યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકાના સાન ફ્રાન્સિકોમાં યોજાઈ હતી. આ સમિટની થીમ 'બધા માટે એક સ્થિતિસ્થાપક અને ટકાઉ ભવિષ્યનું નિર્માણ' છે. APECએ પ્રદેશમાં મુક્ત, વાજબી અને ખુલ્લા વેપાર, રોકાણ અને સમાવેશી તથા ટકાઉ વિકાસને પ્રોત્સાહન આપવા માટે તેની પ્રતિબદ્ધતાની પુનઃપુષ્ટિ કરી હતી. ગોલ્ડન ગેટ ઘોષણા સ્વીકારીને આ સમિટનું સમાપન થયું હતું. આ ઘોષણા તમામ સભ્ય અર્થતંત્રો માટે સ્થિતિસ્થાપક અને ટકાઉ ભવિષ્ય બનાવવાની પ્રતિબદ્ધતાને રેખાંકિત કરે છે. APEC એ એશિયા–પેસિફિકની વધતી જતી પરસ્પર નિર્ભરતાનો લાભ લેવા માટે 1989માં સ્થપાયેલ પ્રાદેશિક આર્થિક મંચ છે.

➤ **રહસ્યમય E પ્રાઈમ સ્તર પૃથ્વીના મૂળમાં શોધાયું**



એરિઝોના સ્ટેટ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો સહિત સંશોધકોની એક આંતરરાષ્ટ્રીય ટીમે પૃથ્વીના મૂળના સૌથી બહારના ભાગમાં એક રહસ્યમય સ્તરની શોધ કરી છે. જે E પ્રાઈમ લેયર તરીકે ઓળખાય છે. આ શોધ ગ્રહની ઊંડાઈમાં સપાટીના પાણીના ઘૂસપેંઠને આભારી છે, જે મેટાલિક લિક્વિડ કોરના સૌથી બહારના પ્રદેશની રચનામાં ફેરફાર કરે છે. પૃથ્વી ચાર પ્રાથમિક સ્તરોની બનેલી છે : આંતરિક કોર, બાહ્યકોર, આવરણ અને પોપડો. અભ્યાસ દર્શાવે છે કે સપાટી પરના પાણીને વહન કરતી ટેક્ટોનિક પ્લેટોએ તેને અબજો વર્ષોથી પૃથ્વીમાં ઊંડે સુધી વહન કર્યું છે. કોર–મેન્ટલ બાઉન્ડ્રી પર પહોંચ્યા પછી પાણી રાસાયણિક ફેરફારોમાંથી પસાર થાય છે, જે બાહ્ય કોર પર હાઈડ્રોજન–સમૃદ્ધ, સિલિકોન–ક્ષીણ સ્તરની રચના તરફ દોરી જાય છે. આ પ્રક્રિયા દ્વારા ઉત્પાદિત સિલિકા સ્ફટિકોમાં વધે છે અને આવરણમાં ભળી જાય છે, જે પૃથ્વીના સ્તરોની એકંદર રચનાને અસર કરે છે.

### ➤ પેરુએ છ દાયકામાં અડધાથી વધુ હિમનદીઓ ગુમાવી

પેરુની નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ રિસર્ચ ઓફ માઉન્ટન ગ્લેશિયર્સના વૈજ્ઞાનિકોના જણાવ્યા અનુસાર પેરુએ છેલ્લા છ દાયકામાં તેની અડધાથી વધુ ગ્લેશિયર સપાટીને વિનાશક નુકસાનનો અનુભવ કર્યો છે. આબોહવા પરિવર્તનની અસરોને કારણે 2016 અને 2020ની વચ્ચે 175 ગ્લેશિયર્સ નષ્ટ થઈ ગયા છે. 58 વર્ષના સમયગાળામાં 1962માં નોંધાયેલ ગ્લેશિયર કવરેજમાંથી 56.22% નષ્ટ થઈ ગયું છે. આ ઝડપી અસરમાં ફાળો આપતું પ્રાથમિક પરિબળ એ સરેરાશ વૈશ્વિક તાપમાનમાં વધારો છે. ગ્લેશિયરના નુકશાન અને ઐતિહાસિક દુર્ઘટનાઓ વચ્ચેની કડી નીચાણવાળા વિસ્તારોમાં રહેવા સમુદાયો માટે જોખમો વધારે છે.

### ➤ 16મી વિશ્વ વુશુ ચેમ્પિયનશિપ

16મી વિશ્વ વુશુ ચેમ્પિયનશિપ તાજેતરમાં ફોટ વર્થ, ટેક્સાસ, અમેરિકામાં સંપન્ન થઈ હતી. તે ઈન્ટરનેશનલ વુશુ ફેડરેશન (IWUF)ના આશ્રય હેઠળ યુનાઈટેડ વુશુ–કુંગફૂ ફેડરેશન દ્વારા આયોજિત કરવામાં આવ્યું હતું. વુશુ એ એક માર્શલ આર્ટ છે જેનો ઉદ્ભવ ચીનમાં થયો છે અને તેમાં વિવિધ સ્વરૂપો અને શૈલીઓનો સમાવેશ થાય છે. તે લડાઈ અને સ્વ બચાવનું શિસ્તબદ્ધ અને અત્યંત શૈલીયુક્ત સ્વરૂપ છે.

GSRTC કંડક્ટર-ડ્રાઈવર
Recorded Course
રોડ સેફ્ટી, GSRTC નિગમ, મોટર વ્હીકલ એક્ટ, કંડક્ટરની ફરજ, ટિકિટ અને ભાડાના ગાણિતિક પ્રશ્નો અનુભવી ફેકલ્ટીઝના લેટેસ્ટ વિડીયો લેક્ચર
ગુજરાતી વ્યાકરણ, અંગ્રેજી વ્યાકરણ, કમ્પ્યુટર વિષયોનો પાયાથી અભ્યાસ
~~₹3599/-~~ ₹1799/- 6 MONTHS VALIDITY
ફ્રી GK ની જમાવટ Book (આ બુક આપને Courier દ્વારા મળશે)
~~₹3599/-~~ ₹999/- 3 MONTHS VALIDITY
સંપૂર્ણ અભ્યાસક્રમ
ફ્રી • 300 MCQની (QUESTION BANK) • E-BOOKS (PDF) • LECTURE PPT
iceonline App ડાઉનલોડ કરો
93773-01110 (10:00am to 6:00pm)
ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS
35% Discount
~~₹360/-~~ ₹234/- + કુરિયર ચાર્જ
• નવી પરીક્ષા પદ્ધતિને અનુરૂપ અધતન માહિતી સાથેનું પુસ્તક
• કંડક્ટર ડ્રાઈવરની પરીક્ષાના તમામ વિષયો માત્ર એક જ પુસ્તકમાં
• M.V.એક્ટ-1988, રોડ સેફ્ટી, પ્રાથમિક સારવાર, GSRTCનિગમ, ટિકિટ લગેજના દાખલા અને ETM મશીનની માહિતી ચાર્ટ, કોષ્ટક અને રંગીન ચિત્રો દ્વારા સમજૂતી
આ પુસ્તક અગ્રગણ્ય બુક સ્ટોર અને ICEONLINE.IN પર ઉપલબ્ધ છે.

1. તાજેતરમાં કયા દેશે અદાણીના શ્રીલંકા પોર્ટ ટર્મિનલ પ્રોજેક્ટમાં 553 મિલિયન ડોલરના રોકાણની જાહેરાત કરી છે ? – યુ.એસ.
2. PayGlocalને RBI તરફથી કયા પ્રકારના લાયસન્સ માટે સૈદ્ધાંતિક મંજૂરી મળી છે ? – પેમેન્ટ એગ્રીગેટર
3. કોંકણ રેલવેના આગામી CMD કોણ બનવાના છે ? – સંતોષ કુમાર ઝા
4. IBM અને AWSએ ભારતમાં ઈનોવેશન લેબ કયાં શરૂ કરી છે ? – બેંગ્લુરુ
5. તાજેતરમાં ભારતના મુખ્ય ન્યાયાધીશે _____ કાફેનું ઉદ્‌ઘાટન કર્યુ છે, જેનું સંપૂર્ણ સંચાલન વિકલાંગ વ્યક્તિઓ દ્વારા કરવામાં આવે છે. – Mitti Cafe
6. કેન્દ્રીય ઊર્જા અને નવી અને નવીનીકરણીય ઊર્જા મંત્રાલયના અધિક સચિવ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ? – શ્રી એન.શ્રીકાંત
7. તાજેતરમાં સરકારી દખલગીરીને કારણે ICC દ્વારા કયા દેશના ક્રિકેટ બોર્ડને સસ્પેન્ડ કરવામાં આવ્યું છે ? – શ્રીલંકા
8. નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (NPCI) દ્વારા 'UPI સેફ્ટી એમ્બેસેડર' તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ? – શ્રી પંકજ ત્રિપાઠી
9. કયું રાજ્ય યુનિફોર્મ સિવિલ કોડ (UCC) લાગુ કરનાર ભારતમાં પ્રથમ બનવા તૈયાર છે ? – ઉત્તરાખંડ
10. 2022માં ભારતના રહેવાસીઓ દ્વારા પેટન્ટ અરજીઓનો વિકાસ દર કેટલો હતો ? – 31.6%
11. ઈન્ડો–તિબેટીયન બોર્ડર પોલીસ (ITBP)નો 62મો સ્થાપના દિવસ પરેડ સમારોહ કયાં યોજાયો હતો ? – દેહરાદૂન, ઉત્તરાખંડ
12. વર્લ્ડ ઓર્ગેનાઈઝેશન ફોર એનિમલ હેલ્થ (WOAH) પ્રાદેશિક ફોર એશિયા એન્ડ ધ પેસિફિકની 33મી કોન્ફરન્સ કયો દેશ યોજી રહ્યો છે ? – ભારત
13. પેરિસ સિદ્ધાંતો હેઠળ રાષ્ટ્રીય માનવ અધિકાર સંસ્થાઓ (NHRI)ની 14મી આંતરરાષ્ટ્રીય પરિષદ કયાં આયોજિત કરવામાં આવી હતી ? – કોપન હેગન, ડેનમાર્ક
14. મોર્ગન સ્ટેનલી રિસર્ચ અનુસાર નાણાકીય વર્ષ-24 અને નાણાકીય વર્ષ-25 માં ભારતના અર્થતંત્ર માટે અનુમાનિત GDP વૃદ્ધિ શું છે ? – 6.5%
15. ભારતમાં સેટેલાઈટ ઈન્ટરનેટ સેવાઓ માટે કઈ બે કંપનીઓને ISP લાયસન્સ આપવામાં આવ્યા છે ? – જિયો અને વનવેબ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

16. બ્રિટનના વડાપ્રધાન શ્રી ઋષિ સુનક દ્વારા યુકેના વિદેશ સચિવ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?

– ડેવિડ કેમેરોન

17. સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથ સિંહે કયા શહેરમાં 10મી આસિયાન સંરક્ષણ મંત્રીઓની બેઠક–પ્લસ (ADMM Plus)માં ભાગ લીધો હતો ? – જકાર્તા, ઈન્ડોનેશિયા

18. 42માં ઈન્ડિયા ઈન્ટરનેશનલ ટ્રેડ ફેર 2023નું ઉદ્‌ઘાટન કયાં થયું છે ? – નવી દિલ્હી

19. FIFA ટેલેન્ટ ડેવલપમેન્ટ સ્કીમ હેઠળ સ્થાપિત AIFF-FIFA એકેડેમીનું ઉદ્‌ઘાટન કયાં થયું છે ?

– ભૂવનેશ્વર, ઓડિશા

20. ભારતીય નૌકાદળ દ્વારા સબમરીન વિરોધી યુદ્ધ શૈલો વોટર ક્રાફ્ટ પ્રોજેક્ટના ભાગરૂપે શરૂ કરાયેલા ચોથા જહાજનું નામ શું છે ? – અમીની

21. તાજેતરમાં સુશ્રી મેગ લેનિંગએ ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી છે. તેઓ કયા દેશના પ્રસિદ્ધ ક્રિકેટર હતા ?

– ઓસ્ટ્રેલિયા

22. ભારતીય નૌકાદળે તાજેતરમાં _____ મહાસાગરમાં ગલ્ફ ઓફ ગિનીમાં તેની બીજી એન્ટી–પાયરસી પેટ્રોલિંગ પૂર્ણ કરી હતી, જેમાં ઓફશર પેટ્રોલ વેસલ INS સુમેધાએ મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. – એટલાન્ટિક મહાસાગર

23. તાજેતરમાં _____ ના વૈજ્ઞાનિકોની એક ટીમે લગભગ 50 મિલિયન વર્ષો પહેલાના પ્રારંભિક ઈઓસીન ક્લાઈમેટિક ઓપ્ટિમમ (EECO)ના વિષુવવૃત્તીય (ઉષ્ણકટિબંધીય) વરસાદી જંગલોની આબોહવા જાહેર કરી છે.

– બીરબલ સાહની ઈન્સ્ટિટયૂટ ઓફ પેલેઓસાયન્સિસ (BSIP)

24. તાજેતરમાં ભારતીય પેટન્ટ ઓફિસ (IPO)એ નવેમ્બર 2023 સુધીમાં મહત્તમ _____ પેટન્ટ મંજૂર કર્યા છે.

– 41010

25. તાજેતરમાં ભારતીય હવામાન વિભાગ (IMD)એ પુષ્ટિ કરી છે કે ચક્રવાત મિધિલી બંગાળની ખાડીમાં એક ડીપ ડિપ્રેશનમાંથી ઉદ્‌ભવ્યું હતું. તેનું નામ કયા દેશે આપ્યું છે ? – માલદીવ

26. IIT રોપડના સંશોધકોની એક ટીમે પંજાબમાં સતલજ નદીની રેતીમાં નોંધપાત્ર ગુણધર્મ ધરાવતી કઈ દુર્લભ ધાતુની શોધ કરી છે ? – ટેન્ટલમ

27. તાજેતરમાં ભારત અને કયા દેશ વચ્ચે વજ્ર પ્રહાર 2023 નામની કવાયત યોજાઈ હતી ? – અમેરિકા

28. તાજેતરમાં કયા દેશે પાકિસ્તાન સ્થિત લશ્કર–એ–તૈયબાને આતંકવાદી સંગઠન જાહેર કર્યું છે ? – ઈઝરાયેલ

INSTITUTE FOR COMPETITIVE EXAMS


29. શિક્ષણ મંત્રાલય અને IIT કાનપુરે ભારતમાં પ્રવેશ પરીક્ષાની તૈયારીમાં પરિવર્તન લાવવાના હેતુથી કયું ઓનલાઈન પ્લેટફોર્મ લોન્ચ કર્યુ છે ? – SATHEE

30. આયુષ મંત્રાલય હેઠળની સેન્ટ્રલ કાઉન્સિલ ફોર રિસર્ચ ઈન આયુર્વેદ સાયન્સ (CCRAS)એ આયુર્વેદમાં સંશોધન, વૈજ્ઞાનિક માન્યતા અને પુરાવા આધારિત પ્રથાઓને માન્યતા આપવા માટે કઈ પહેલ શરૂ કરી છે ?
– આયુર્વેદ જ્ઞાન નિપુણ્ય પહેલ (AGNI)

31. ભારતે ઈન્ડોનેશિયાના કયા શહેરમાં પાંચ દિવસીય ‘ASEAN-ઈન્ડિયા મિલેટ ફેસ્ટિવલ’ શરૂ કર્યો છે ? – જકાર્તા

32. ભારતીય નૌકાદળના કયા જહાજે મોઝામ્બિકની રાજદ્વારી મુલાકાત લીધી હતી ? – INS સુમેધા

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

"સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા SOCIAL MEDIA ICON પર CLICK કરો

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YOUTUBE
ICE RAJKOT

INSTAGRAM
ICE RAJKOT

FACEBOOK
ICE RAJKOT

TWITTER
ICE RAJKOT